## ખેલૈયાઓથી લઈને ખેડૂતો પણ પરેશાન થઈ રહ્યા છે

# અમરેલી જિલ્લામાં નવરાત્રિ મહોત્સવની સાથે વર્ષોત્સવ શરૂ

**નવરાત્રિ મહોત્સવમાં વરસાદનું આગમન થતાં વેપારીઓ પણ પરેશાન થઈ રહ્યા છે**

**વરસાદી માહોલમાં કપાસ અને મગફળીનાં પાકમાં નુકસાન થવાની ખેડૂતોમાં દહેશત**

**નવરાત્રિ મહોત્સવનું મસમોટુ આયોજન કરનાર સંચાલકોની ચિંતામાં વધારો**

**ઓકટોબરનાં ૧૦ દિવસ બાદ વાતાવરણમાં ઠંડકને બદલે ગરમીનો માહોલ જોવા મળે છે**



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા, ભાવિક કલસરિયા–ખાંભા, સમીર ખોખર–વીજપડી, ભરત બારૈયા–જાફરાબાદ

અમરેલી, તા. ૧૦

અમરેલી જિલ્લામાં આસ્થા અને ઉત્સાહભેર નવરાત્રિ મહોત્સવ ચાલી રહ્યો છે તેવા સમયે કુદરતે વર્ષાત્સવ શરૂ કરતાં ખેલૈયાઓ, વેપારીઓ અને ખેડૂતો સહિત સૌ કોઈ પરેશાન થઈ રહ્યા છે. ઓકટોબર મહિનો ફટાફટ પસાર થઈ રહ્યો છે. આ સમયે વાતાવરણમાં ઠંડકને બદલે ગરમીનો માહોલ જોવા મળી રહ્યો છે.

અમરેલી, સાવરકુંડલા, બાબરા, ખાંભા સહિતનાં વિસ્તારમાં વરસાદથી નવરાત્રિ મહોત્સવનાં આયોજનકો અને ખેલૈયાઓ ચિંતામાં મુકાય છે તો ખેડૂતોને કપાસ, મગફળીનો પાક નિષ્ફળ જવાની દહેશત સતાવી રહી છે.

**અમરેલી**

સૌરાષ્ટ્ર ગુજરાતમાંથી સત્તાવાર રીતે ચોમાસાની વિદાય થયા બાદ અમરેલી ગઈકાલે મોડી રાતે વીજળીના કડાકા ભડાકા સાથે વરસાદ શરૂ થતાં નવરાત્રિમાં પણ ભર ઉંઘમાં સુતેલા લોકો જાગી ગયા હતાં. જયારે નવરાત્રિની મોજ માણવા ગયેલા યુવાધનને રાસ લેવામાં વરસાદ વિલન બનતા રાત્રીના સમયે રાસનો કાર્યક્રમ બંધ કરવો પડયો હતો. જયારે આજે સાંજે ફરી અમી છાંટણા જેવો વરસાદ પડયો હતો.

અમરેલી શહેર સહિત સમગ્ર જિલ્લામાં છેલ્લા કેટલાંક સમયથી ભારે ગરમી અને બફારો અનુભવાય રહયો હતો. ત્યારે ગઈકાલે અમરેલી શહેરમાં સમી સાંજે અમી છાંટણા પડયા હતાં. પરંતુ ગરમીમાં ભારે વધારો થવા પામ્યો હતો અને પવન તો જાણે નામનો પણ ના હોય લોકો ગરમીના કારણે વલખાં મારતાં હતાં. તો કેટલાંક લોકો પંખા, એ.સી. શરૂ કરી ઘરમાં પોઢી ગયા હતાં. તો શહેરનું યુવા ધન નવરાત્રિમાં હિલોળે ચડવા માટે પાર્ટી પ્લોટમાં પહોંચી ગયું હતું.

ત્યારે અચાનક જ રાત્રીના દોઢેક વાગ્યાના સમયે આકાશમાં કાળા ડિબાંગ વાદળાઓ ઉમટી પડયા હતાં અને થોડીવારમાં વીજળીનાં ચમકારા તથા ગાજવીજ સાથે વરસાદ શરૂ થયો હતો. વીજળીના ચમકારા તથા વાદળોના ગડગડાતના કારણે ગાઢ નિંદરમાં પોઢી ગયેલા લોકો સફાળા જાગી ગયા હતાં. જયારે નવરાત્રિની મોજ માણવા ગયેલા યુવાધનને રાસ લેવામાં વરસાદ વિલન બનતા રાત્રીના સમયે રાસનો કાર્યક્રમ બંધ કરવો પડયો હતો અને લોકો પોતાના ઘર તરફ ભાગવા લાગ્યા હતાં.

પરંતુ કહેવત છે ને કે ગાજયા મેઘ વરશે નહીં તેમ આકાશમાં કાળા ડિબાંગ વાદળાઓ ઉમટી પડયા હતાં અને થોડીવારમાં વીજળીનાં ચમકારા તથા ગાજવીજ સાથે વરસાદ શરૂ થયો હતો. પરંતુ જોઈએ તેવો વરસાદ પડયો ના હતો. માત્ર ર મીમી વરસાદ નોંધાયો છે.

**બાબરા**

બાબરામાં માવઠાના કારણે ખેડૂતોમાં ચિંતામાં વધારો જોવા મળી રહ્યો છે. ગત મોડી રાતથી બાબરામાં વરસાદના છાંટા પડી રહ્યા છે અને વાદળ છાંયુ વાતાવરણ ઊભું થયું છે.

બાબરામાં હાલ મગફળીના પાથરા પડયા છે ખેડૂતો મગફળી ઉપાડવાની તૈયારીઓ કરી રહ્યા છે પણ વરસાદ વિઘ્ન ઉભું કરી રહ્યો છે તેમજ કપાસના પાક પણ પાકી ગયો છે દિવાળીના તહેવાર નજીક હોવાથી ખેડૂતો યાર્ડમાં કપાસ દેવા માટે વીણવા લાગ્યા છે પણ વરસાદના કારણે ફાલ ખરી જવાની ભીતિ સતાવી રહી છે.

હાલ બાબરા પંથકમાં વરસાદના છાંટા પડી રહ્યા છે આગળ જો વરસાદ પડે તો પાકને વ્યાપક નુકસાન જવાની ખેડૂતોમાં ભીતિ સતાવી રહી છે.

**સાવરકુંડલા**

સાવરકુંડલા શહેરમાં નવરાત્રીના સાતમાં નોરતા એ વળી પાછો વાતાવરણમાં પલટો આવતા ઝરમરિયા વરસાદના આગમને ખેલૈયાઓનો મુડ બગાડયો. હજુ ગઈકાલ સુધી ગરમીનો પારો ઉંચકી રહ્યો હતો એવામાં આજરોજ વાતાવરણમાં પલટો આવતા ઝરમરિયા મેહુલિયાએ ધીમી ધારે વરસવાનું શરૂ કર્યું. જો કે આ વરસાદથી વાતાવરણમાં ઠંડક પ્રસરી જવા પામી છે. પરંતુ અચાનક પલટતાં વાતાવરણને કારણે ખાસ કરીને નવલાં નવરાત્રિના નોરતાંમાં ખેલૈયાનો ગરબે રમવાના પ્લાનને થોડો અવ્યવસ્થિત કરી નાખ્યો હોય તેવું લાગે છે. સંપૂર્ણ શાંત વાતાવરણ વચ્ચે આ ઝરમરિયા વરસાદને કોઈ કવિ, લેખક કે લોકસાહિત્યકારની દ્રષ્ટિએ પેલું આભમાં ઝીણી ઝબૂકે વિજળી કે ઝીણા ઝરમર વરસે મેહ ગુલાબી કેમ કરી જાવું ચાકરી રે. જેવા શબ્દોસભર કવિતાની રચના પણ આવાં વાતાવરણ વચ્ચે જ બીજાંકુરિત થતી હશેને??

**ખાંભા**

ખાંભા શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં છેલ્લે છેલ્લે પવન સાથે ધોધમાર વરસાદી માવઠું પડયું હતું. હવામાન વિભાગે ચોમાસાની વિદાય આપ્યા બાદ ખાંભા ગીરના ગામડાઓમાં વરસાદ પડયો હતો. ખાંભા શહેરમાં ધોધમાર વરસાદ પડવાના પગલે રોડ રસ્તા પર વરસાદી પાણી ફરી વળ્યા હતા. ખાંભાના નાનુડી, ભાડ, ઈંગોરાળા, ભાવરડી, ખડાધાર સહિતનાં ગામોમાં કમોસમી માવઠું થતાં ખેડૂતોનો તૈયાર મગફળી, કપાસ સહિતનો પાક વરસાદમાં પલળ્યો હતો. ખેતીના સોયાબીન, મગફળી, તલના પાકને કમોસમી વરસાદથી નુકસાન જવાની ભીતિ સેવાઈ રહી છે. જગતના તાતને મોં એ આવેલો કોળિયો હોય તેવું લાગી રહ્યું છે.

**વીજપડી**

સાવરકુંડલાનાં વીજપડી ગામે ધોધમાર સારામાં સારો વરસાદ વરસ્યો હતો. થોડા દિવસોથી ગરમી અને તડકા બાદ ચોમાસાનાં આખર સમયે વિદાયના આરે વરસેલા આ વરસાદ જાણે કે મગફળી અને કપાસ ઉપર જાણે સોનું વરસી રહ્યું હોય તેવું ફાયદાકારક વરસાદ વરસ્યો હતો. પાસ્તર મગફળી ચાર પાંચ ટકા ખેડૂતોએ ઉપાડી હોય તેને થોડું ઘણું નુકસાન બાકી શિંગ અને કપાસના પાકને ઘણો ફાયદાકારક વરસાદ વરસ્યો હતો. વાવણી થોડી મોડી થયેલ હોવા થી આ વરસાદ ફાયદારક ગણાય તેવું એક ખેડૂત દ્વારા જાણવા મળેલ હતું. દસેક વાગ્યે વાતાવરણ વાદળછાયું થયેલ ત્યારબાદ બાર વાગ્યા બાદ ધીમી ધારે શરૂ થયેલ અને ત્રણ વાગ્યે ધોધમાર વરસાદ વરસ્યો હતો. પાકને ખુબ ફાયદાકારક વરસાદ વરસ્યો હતો.

**જાફરાબાદ**

જાફરાબાદમાં બે ત્રણ દિવસ ભારે ઉકળાટ રહ્યા બાદ ગુરૂવારે બપોરના સમયે પવન સાથે ધોધમાર વરસાદ વરસતા જાફરાબાદની બજારમાં નદીઓ વહેતી થઈ હતી તોફાની પવન સાથે વરસાદ વરસ્યો હતો. છેલ્લા બે–ત્રણ દિવસથી બફારો અને ઉકળાટનો અનુભવ લોકો કરી રહ્યા હતા. જયારે ગુરૂવારે બપોરના સમયે વરસાદનું ભારે ઝાપટું વરસી ગયું હતું. આ વરસાદને કારણે લોકોએ વાતાવરણમાં ઠંડકનો અનુભવ કર્યો હતો પરંતુ માછીમારોને ભારે નુકસાની વેઠવી પડી છે. ધોધમાર વરસાદ વરસતા અનેક જગ્યાએ પાણી ભરાયાં હતાં અને જોરદાર ઝાપટું વરસતા પાલિકાની ગટરો પણ ઉભરાઈ હતી ઉભરાતી ગટરના ગંદા પાણી બજારોમાં ફરી વળ્યા હતા.

---

### વાડીની ટીસીમાં ડીઓ બાંધતી વેળા

## બાબરાનાં સુકવડા ગામનાં યુવકનું ઈલેકટ્રીક શોર્ટ લાગવાથી કમકમાટીભર્યુ મોત

**સારવાર દરમિયાન અંતિમ શ્વાસ લીધા**

અમરેલી, તા. ૧૦

બાબરા તાલુકાના સુકવડા ગામે રહેતા જયસુખભાઈ નરશીભાઈ પરબતાણી નામનાં ર૮ વર્ષિય યુવક ગત તા. ૮ ના રાત્રીના આશરે આઠેક વાગ્યે પોતાની સુકવડા ગામે આવેલ સીમ વિસ્તારમાં વાડીએ ટી.સી.એ ડી.ઓ. બાંધવા ગયેલ હોય અને તે ડી.ઓ. બાંધતી વખતે અચાનક ઈલેકટ્રીક શોર્ટ લાગતા પડી ગયેલ હોય. જેથી તેઓને બેભાન હાલતમાં જસદણ સરકારી દવાખાને સારવારમાં માટે લઈ જતા ફરજ પરના ડોકટરે યુવકને મરણ ગયેલ જાહેર કર્યા હતાં.

---

### વાડીનાં ફરજામાં રમતી વેળા

## ધુડીયા આગરીયા ગામની બાળકીનું સર્પ દંશથી મોત

અમરેલી, તા. ૧૦

રાજુલા તાલુકાના ધુડીયા આગરીયા ગામે રહેતા રાકેશભાઈ રાયસિંગભાઈ મભ્છાર નામનાં ર૬ વર્ષિય ખેત મજુર યુવકની ૩ વર્ષની દીકરી અર્વિનાબેન તા. ૯ના બપોરના ત્રણેક વાગ્યાના સમય દરમ્યાન વાડીના ફરજામાં રમતી હોય. તે દરમ્યાન તેમને ઝેરી જીવડું સાપ કરડી (દંશ) દેતા મરણ ગયાનું જાહેર કરેલ હતાં.

---

### જરખીયા ગામની સીમમાં હોય ત્યારે

## લાઠીનાં ટોડા ગામનાં યુવકનું કૂવામાં પડી જવાથી કમકમાટીભર્યુ મોત

**બકરા માટે ચારો લેવા જતાં બનાવ બન્યો**

અમરેલી, તા. ૧૦

લાઠી તાલુકાના ટોડા ગામે રહેતા પરેશભાઈ કેશવભાઈ વાઘેલા નામનાં ૪૦ વર્ષિય યુવક ગત તા. ૮ ના સાંજના આશરે સાડા સાતેક વાગ્યે જરખીયા ગામની સીમમાં પોતાની વાડી પાસે આવેલ અવારૂ કુવો હોય. ત્યાંથી બકરા માટે પીપળ કાંપી ચારો લેવા જતા અકસ્માતે યુવક કુવામાં પડી જતા પાણીમાં ડુબી જતા મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

---

### સામાન્ય બાબતને લઈને બઘડાટી બોલી

## અમરેલીનાં નાના માચીયાળા ગામે ડીઝલ લઈ આવવા બાબતે મારામારીની ઘટના બની

**પોલીસે બંને પક્ષોની ફરિયાદ નોંધી તપાસ આદરી**

અમરેલી, તા. ૧૦

અમરેલીના રૂપમ ટોકીઝ રોડ ઉપર આવેલ જીવાપરામાં રહેતા રાજુભાઈ વાઘાભાઈ મકવાણા નામનાં ર૬ વર્ષિય ડ્રાઈવર ગત તા. ૯ ના બપોરના અરસામાં પોતાનો ટ્રક લઈને આટકોટથી અમરેલી તરફ આવતા હતા. તે દરમિયાન તેઓ બપોરના આશરે એકાદ વાગ્યે નાના માચીયાળા ગામે પહોંચતા પોતાના ટ્રકમાં ડીઝલ ખાલી થઈ જતા ટ્રક ત્યાં ઉભો રાખેલ હતો અને અજયભાઈ ત્યા ડીઝલ લઈને આવતા ટ્રકમાં ડીઝલ નાખીને ટ્રક શરૂ કરતા હતા. તે દરમિયાન અમરેલી તાલુકાના નાના માચીયાળા ગામે રહેતા આરોપી ગોપાલભાઈ ભગાભાઈ સાનીયા પોતાના હવાલાવાળી ફોરવ્હીલર કાર નં. જીજે ૧૪ બી.ડી. ૮૧૮૨ લઈને ત્યાં આવેલ અને આ ટ્રક આડે પોતાની ગાડી રાખી ટ્રકને રસ્તામાં અવરોધ ઉભો કરી અને જેમફાવે તેમ ટ્રક ડ્રાઈવરને ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી ટ્રકના આગળના બંને કાંચ તોડી નાખી નુકસાન કરી ડ્રાઈવરના ડાબા હાથના બાવડા ઉપર પાઈપના બે ઘા મારી મુંઢ ઈજાઓ પહોંચાડયાની ટ્રક ડ્રાઈવરે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

તો આ જ બનાવમાં સામાપક્ષે ગોપાલભાઈ ભગવાનભાઈ સાનીયા નામનાં ર૫ વર્ષિય યુવકે અમરેલીના પ્રતાપપરામાં રહેતા રાજુભાઈ વાઘાભાઈ ત્રાડ, ભરતભાઈ વાઘાભાઈ ત્રાડ તથા સાગરભાઈ વાઘાભાઈ ત્રાડ નામનાં ત્રણ આરોપીએ અવાજ મારી યુવકને બોલાવવી કહેલ કે આ ટ્રકમાં ડીઝલ ખાલી થઈ ગયેલ છે ડીઝલ લઈ આવવાનું કહેતા યુવકે ડીઝલ લેવા જવાની ના પાડતા આરોપીઓ યુવક સાથે બોલાચાલી કરવા લાગેલ અને ટ્રકમાંથી લોખંડની ટોમા કાઢી યુવકને માથાના ભાગે મારી તથા ઢીકાપાટુનો માર મારી યુવકની ગાડી નં. જી.જે.–૧૪ બીડી–૮૧૮૨ આગળનો કાંચ ટોમીવતી તોડી નાખી રૂા. ૫૦૦૦નું નુકસાન કર્યાની સામી પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

---


## સાવરકુંડલાનાં સ્પીડ બ્રેકરને રેડિયમ પટ્ટા મારવા જરૂરી

સાવરકુંડલા, તા. ૧૦

સાવરકુંડલા શહેરી વિસ્તારમાં શાળા અને કોલેજ રોડ પર સરકારને ગાઈડલાઈન્સ મુજબ સ્પીડ બ્રેકર બનાવવાની નગરપાલિકા સદસ્ય ધર્મેન્દ્ર મહેતાએ માંગ કરી. આમ પણ આ વિસ્તાર પર શાળા કોલેજ એટલે કે શૈક્ષણિક સંસ્થાઓ આવેલ હોય શાળા કે કોલેજે જતાં આવતાં વિદ્યાર્થીઓની સંખ્યા પણ નોંધપાત્ર હોય છે. આ રોડ પર સરકારની ગાઈડલાઈન્સ મુજબ સ્પીડ બ્રેકર બનાવવા એ વર્તમાન સમયની માંગ પણ ગણી શકીએ. જયારે સાવરકુંડલા વિકાસ ક્ષેત્રે હરણફાળ ભરી રહ્યું હોય ત્યારે તંત્ર દ્વારા આ બાબતે પણ ત્વરિત ધ્યાન આપી યોગ્ય કરવું જોઈએ.

---

## સાવરકુંડલા મહિલા આર્ટસ કોલેજમાં કિવઝનું આયોજન કરાયુ




સાવરકુંડલા, તા. ૧૦

શ્રીમતી વી. ડી. ઘેલાણી મહિલા આર્ટસ કોલેજ સાવરકુંડલામાં વિકાસ સપ્તાહ અનવ્યે તારીખ ૯–૧૦–ર૪ના રોજ કિવઝનું આયોજન થયું જેમાં ર૬ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો, જેમાં પ્રથમ ક્રમે કસોટીયા વૈશાલી, ચુડાસમા આરતી, બારૈયા આરાધના બીજા ક્રમે જાદવ ફિઝુ, ત્રીજા ક્રમે અગ્રાવત નીપા અને ચાંદુ કીરણ રહ્યાં. કાર્યક્રમનું આયોજન પ્રા. છાયાબેન શાહે કર્યુ. પ્રિન્સિપાલ ડી. એલ. ચાવડા સૌને શુભેચ્છા પાઠવી.

---

### વ્હેલી સવારથી જ વિવિધ ટીમો દ્વારા ચેકીંગ

## બગસરામાં પીજીવીસીએલની ટીમોએ વીજ ચોરી સામે લાલ આંખ કરતા ફફડાટ

**રૂપિયા ર૦ લાખની વીજ ચોરી ઝડપી લેવાઈ**


બગસરા, તા. ૧૦

બગસરામાં આજે વ્હેલી સવારથી જ પીજીવીસીએલની ટીમ દ્વારા વીજ ચોરી કરતા લોકો ઉપર તવાઈ બોલાવવામાં આવી હતી. ત્યારે શહેરના અલગ અલગ વિસ્તાર જેવા કે કુંકાવાવ નાકા, જીનપરા, ઘાંચીવાડ, શિવાજી ચોક તેમજ સ્ટેશન રોડ ઉપર વીજ કંપની સાથે છેતરપિંડી કરી ડાયરેકટ કનેકશન લઈ વીજ ચોરી કરતા આરોપીને પકડી પાડી દંડ ફટકારવામાં આવ્યો છે. સમગ્ર ચેકિંગના ધાડે ધાડા ઉતરી પડેલ હતા જેમાં જી.યુ.વી.એન.એલ.ની ડ્રાય કરવામાં આવી હતી. આ કાફલા સાથે પોલીસના પણ ધાડા સાથે ઉતરી પડેલ સાત ટીમોએ ર૦ લાખ રૂપિયા જેવી ચોરી કરતા લોકો ઉપર તવાઈ બોલાવી હતી.

શહેરમાં વીજ ચોરીના અનેક બનાવો બને છે ત્યારે વીજ કંપનીને દર મહિને ર૦ લાખ જેટલી રકમનો લોસ આવી રહેલ હતો જેના પગલે આજે ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું. જયારે આ બાબતે જી.યુ.વી.એન.એલ.ના ટીમના હેડ યાદવ સાથે વાત કરતા સમગ્ર માહિતી જાણવા મળેલી હતી. તેમાં વેપારીઓ તેમજ ઘર વપરાશમાં વીજ ચોરી કરી રહેલા લોકો ઉપર તવાઈ કરવામાં આવી હતી. જેના પગલે અન્ય લોકોમાં ફફડાટ વ્યાપી ગયો હતો. જયારે જે લોકો વીજ ચોરી કરી રહેલા હતા તેવા તમામ લોકોમાં ભયનો માહોલ ઉભો થયો હતો.



તસ્વીર : સમીર વિરાણી–બગસરા



## પૂર્વ સાંસદ સંઘાણી, પૂર્વ સાંસદ કાછડીયા અને પૂર્વ સાંસદ ઠુંમરે આક્રોશ વ્યકત કર્યો

# અમરેલીનાં કથિત દુષ્કર્મનાં બનાવને લઈને નેતાઓમાં નારાજગી

### પ્રદેશ મહિલા કોંગ્રેસનાં પ્રમુખ જેનીબેન ઠુંમરે પત્રકાર પરિષદ યોજીને દુષ્કર્મ કરનાર સામે કાર્યવાહીની માંગ કરી

### વિપક્ષની સાથે સત્તા પક્ષનાં દિગ્ગજ નેતાઓ તટસ્થ તપાસની માંગ કરે એટલે મામલો ગંભીર

### ભાજપનાં આગેવાનો કયાં પક્ષનાં યુવા કાર્યકર છે તેની ચોખવટ કરતા નથી ને કોંગી નેતાઓ ભાજપના યુવા નેતા છે તેવું કહે છે

### કોંગી આગેવાનોએ જિલ્લામાં ડ્રગ્ઝ, રેતી ચોરી અને દારૂના દુષણોએ પણ હદ વટાવી હોવાનો કર્યો આક્ષેપ







અમરેલી, તા. ૧૦

અમરેલીનાં લાઠી રોડ ઉપર આવેલ એક ખાનગી ફલેટમાં એક યુવા રાજકીય આગેવાન ધ્વારા થયેલ કથિત દુષ્કર્મની ઘટનાને લઈને ભાજપનાં બે દિગ્ગજ નેતાઓ દિલીપ સંઘાણી, નારણભાઈ કાછડીયા ઉપરાંત કોંગ્રેસનાં પૂર્વ સાંસદ તેમજ મહિલા પ્રદેશ કોંગ્રેસનાં પ્રમુખ જેનીબેન ઠુંમરે આક્રોશ વ્યકત કરીને નિષ્પક્ષ તપાસ કરવાની માંગ કરેલ છે.

અમરેલીનાં દિગ્ગજ નેતા દિલીપ સંઘાણીએ ગઈકાલે મહિલા આયોગ, ગૃહ સચિવ અને એસપીને પત્ર પાઠવ્યા બાદ આજે ભાજપનાં પૂર્વ સાંસદ નારણભાઈ કાછડીયાએ મુખ્યમંત્રીને પાઠવેલ પત્રમાં જણાવેલ છે કે, મા દુર્ગાની આરાધનાના મહાપર્વ નવરાત્રિના દિવસોમાં અમરેલી શહેરના લાઠી રોડ ઉપર એક ફલેટમાં એક યુવા રાજકીય આગેવાન ધ્વારા મહિલા ઉપર દુષ્કર્મ કરવાની કોશિષ કરાઈ હોવા બાબતની ચર્ચાઓ સમગ્ર જિલ્લામાં થઈ રહી છે.

નવરાત્રિમાં મા આદ્યાશકિતની સૌ ઉપાસના કરતા હોઈએ અને કોઈ વ્યકિત નારી શકિત સાથે બળજબરી અને દુષ્કર્મ કરવાની કોશિષ કરે તે ખૂબ જ નીંદનીય બાબત ગણાય. અમરેલી નહી પરંતુ સમગ્ર ગુજરાતમાં અવાર નવાર આવા બનાવો બની રહ્યા છે અને કહેવાતા નેતાના ઉચ્ચ કક્ષાએ છેડા હોય તો એફઆઈઆર પણ થતી નથી અને ભોગ બનનાર મહિલા અને તેમના પરિવારજનોને દબાવી દેવામાં આવતા હોવાના કિસ્સા પણ બનેલ છે. સ્ત્રી પર હાથ નાખનાર વ્યકિત કોઈપણ પક્ષના નેતા હોઈ, કોઈપણ મોટા પદ ઉપર હોય કે પછી કોઈ મોટા ગજાના નેતાની નજીકના હોય તેના પર કડકમાં કડક કાર્યવાહી થવી જ જોઈએ.

વધુમાં જણાવેલ છે કે, અમરેલી શહેર ખાતે બનેલ આ ઘટનાના પડઘા સમગ્ર જિલ્લામાં પડેલ છે. જો આ બનાવમાં ભોગ બનનાર મહિલા રાજકીય દબાણના લીધે પોલીસ ફરિયાદ કરવામાં સમર્થ ન હોય તો ખૂદ પોલીસ વિભાગ જ ફરિયાદી બની આ ઘટનાની તટસ્થ તપાસ કરે અને કોઈપણ ઉચ્ચ કક્ષાના નેતાના દબાણમાં આવ્યા વિના દુષ્કર્મ આચરનાર વિરૂધ્ધ કડકમાં કડક કાર્યવાહી કરવા ગૃહ વિભાગ અને પોલીસ તંત્રને જરૂરી સુચના આપવા અંતમાં માંગ કરેલ છે.

તદુઉપરાંત કોંગ્રેસનાં પૂર્વ સાંસદે નિવેદનમાં જણાવેલ છે કે, ભાજપનાં યુવા આગેવાનનાં કારનામાને લઈને તેમના જ પક્ષનાં આગેવાનો રજૂઆત કરતાં હોય મામલો અતિ ગંભીર બન્યો છે. જિલ્લામાં ખુલ્લેઆમ દારૂનું વેચાણ થાય, ડ્રગ્ઝની હેરાફેરી થાય, રેતી ચોરી થાય, ઈકોઝોન જેવી સમસ્યા ઉભી થાય છતાં જિલ્લાનાં એક પણ ચૂંટાયેલ સત્તાધારી પક્ષનાં આગેવાનો કશું બોલતા નથી.

વધુમાં જણાવેલ છે કે, અમરેલી જિલ્લામાં મહિલાઓની સુરક્ષા પર ગંભીર ખતરો ઉભો થયો હોય જિલ્લાનાં ધારાસભ્યોએ જનતા જનાર્દનને જવાબ આપવો જોઈએ.

પ્રદેશ મહિલા કોંગ્રેસનાં પ્રમુખ જેનીબેન ઠુંમરે પણ પત્રકાર પરિષદ યોજીને અમરેલી જિલ્લામાં ડ્રગ્ઝ, દારૂની હેરાફેરી સહિતનાં પ્રશ્ને ભાજપ સરકાર પર જબરદસ્ત પ્રહારો કર્યા છે.

આમ અમરેલી જિલ્લામાં રેતી ચોરી અને દારૂના દુષણે હદ વટાવી દીધી છે. ગામડે-ગામડે દારૂનું વેચાણ-સેવન થઈ રહ્યું છે. કરોડો રૂપિયાની રેતી ચોરી થઈ રહી છે છતાં પણ ચૂંટાયેલ જનપ્રતિનિધિઓ મગનું નામ મરી પાડતા નથી તે હકીકત છે.







## રક્ષાબંધનનાં દિવસે માથાકૂટ થયા બાદ

# અમરેલીનાં રોકડીયાપરામાં રહેતા યુવકનાં ઘર ઉપર પથ્થરમારો થયો

### પાંચ જેટલા ઈસમો વિરૂધ્ધ ફરિયાદ નોંધાઈ

અમરેલી, તા. ૧૦

અમરેલીના રોકડીયા પરામાં ચતુરભાઈ ભંગારવાળાના ડેલા પાસે રહેતા રહેતા ગોપાલભાઈ ધીરૂભાઈ સાંથળીયા નામનાં ૧૯ વર્ષિય યુવકને ગત રક્ષાબંધનના દિવસે મારા મારી થયેલ હોય. જે બાબતનું મનદુઃખ રાખી અમરેલી સિવિલ હોસ્પિટલની સામે આરોપીઓ આનંદ વિનુભાઈ વાડવડીયા, સુરેશ બાબુભાઈ સાંથળીયા, રાજ કાનાભાઈ વાડવડીયા, તુષીલ વિનુભાઈ વાડવડીયા તથા નનકુભાઈ ઓગાણીયાએ ગેરકાયદેસર મંડળી બનાવી એકસંપ થઈ યુવકના ઘરમાં અપપ્રવેશ કરી યુવકના ઘર ઉપર છુટ્ટા પથ્થરોનો ઘા કરી યુવકના માથાના ભાગે ઈંટના ટુકડા વડે માર મારી ઈજા કરી તથા જેમફાવે તેમ ગાળો આપી ટાંટીયા ભાંગી નાખવાની તેમજ જાનથી મારી નાખાની ધમકી આપી તેમજ યુવકના ફળીયામાં ઉભા રહી રહેણાંક મકાન ઉપર છુટ્ટા પથ્થરના ઘા કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.
























# અમરેલીની ઈનોવેટિવ સ્કુલ દ્વારા વિજ્ઞાન મેળો યોજાયો



અમરેલી વિદ્યાર્થીઓમાં રહેલી પ્રતિભાને ખીલવવા તથા વૈજ્ઞાનિક અભિગમને વિકસાવવા નાં હેતુથી ઈનોવેટીવ સ્કુલ્સ, (અંગ્રેજી માધ્યમ) દ્વારા એક વિજ્ઞાન મેળા (Science fair)નું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં ધો. ૬ થી ધો. ૧૨ સુધીનાં વિદ્યાર્થીઓએ વિવિધ પ્રોજેકટસનું રજુ કરેલ હતાં. તથા વિવિધ મોડેલ્સ દ્વારા વિદ્યાર્થીઓ અને વાલીઓને ભવિષ્યનાં ભારતની સમજ આપી હતી. જેમાં સોલાર પાવર, ઈલેકટ્રીસીટી ડ્રોમ વેસ્ટ ફુટસ, ATM મશીન, ફ્યુચર સીટી, ગ્રીન એનર્જી અને ગ્લોબલ વોર્મિંગ જેવા વિષયો પર લાઈવ પ્રોજેકટસ રજુ કરવામાં આવેલ હતાં. આ વિજ્ઞાન મેળામાં ફુડ સ્ટોલ પણ ઉભા કરવામાં આવેલ જેમાં વિદ્યાર્થીઓએ શુધ્ધ લાઈવ ફાસ્ટફુડ બનાવેલ અને પોતાનાં ઉમદા ગુણોનો પરિચય આપેલ. શાળાનાં ૧૨૦ વિદ્યાર્થીઓએ આ વિજ્ઞાન મેળામાં ભાગ લીધેલ હતો. તથા અંદાજીત ૪૫૦ જેટલા વાલીઓ તથા મહેમાનોએ આ વિજ્ઞાન મેળાની મુલાકાત લઈન વિદ્યાર્થીઓને બિરદાવેલ હતા તેવું સંસ્થાના ડાયરેકટર ધવલભાઈ ઠાકરની યાદીમાં જણાવેલ છે.

### કેન્દ્ર સરકારનો મોટો નિર્ણય

## ૪૦૦૦૦ કરોડના ખર્ચે ભારતમાં તૈયાર થશે બે પરમાણુ સબમરીન

### ભારતીય નૌસેનાની શક્તિમાં વધારો થશે : આ સબમરીનના બનવાથી નૌસેનાની શક્તિ હિંદ મહાસાગર વિસ્તાર અને દક્ષિણ ચીન સાગરમાં વધશે

નવી દિલ્હી, તા.૧૦

ભારત સરકારની CCS એટલે કે વડાપ્રધાનના નેતૃત્વવાળી કેબિનેટ કમિટી ઓન સિક્યોરિટીએ બે સ્વદેશી પરમાણુ સબમરીનને બનાવવાની પરવાનગી આપી દીધી છે. તેનાથી ભારતીય નૌસેનાની વ્યૂહાત્મક અને આક્રમક શક્તિમાં વધારો થશે. આ સબમરીનના બનવાથી નૌસેનાની શક્તિ હિંદ મહાસાગર વિસ્તાર અને દક્ષિણ ચીન સાગરમાં વધી જશે. આ સબમરીનને વિશાખાપટ્ટનમના શિપ બિલ્ડિંગ સેન્ટરમાં બનાવવામાં આવશે. આને બનાવવામાં લાર્સેન એન્ડ ટુબ્રો જેવી ખાનગી કંપનીઓની મદદ પણ લેવામાં આવી શકે છે. સબમરીન ૯૫ ટકા સુધી સ્વદેશી હશે. આ સબમરીન અરિહંત ક્લાસથી અલગ હશે. આને પ્રોજેક્ટ એડવાન્સ્ડ ટૅક્નોલૉજી વેસલ હેઠળ બનાવવામાં આવશે. હજુ બે સબમરીન બનશે, તે બાદ વધુ ચાર બનાવવામાં આવી શકે છે. ભારતે તાજેતરમાં જ પોતાની બીજી SSBN એટલે કે પરમાણુ સબમરીન INS અરિહંત કમિશનની છે. આગામી વર્ષની અંદર ભારતીય નૌસેનામાં અલગ-અલગ પ્રકારના ઘણા યુદ્ધજહાજ અને સબમરીન ઉમેરાશે.

આ ૧૨ યુદ્ધ જહાજોમાં ફ્રિગેટ્સ, કોર્વેટ્સ, ડેસ્ટ્રોયર્સ, સબમરીન અને સર્વે વેસલ પણ છે. નૌસેનામાં આ સામેલ થવાથી ઈન્ડિયન ઓશન રીઝન(IOR)માં સુરક્ષાનું સ્તર વધી જશે. વિશાખાપટ્ટનમ ક્લાસમાં ચાર યુદ્ધ જહાજ સામેલ છે. વિશાખાપટ્ટનમ પોતાના ક્લાસનું મુખ્ય યુદ્ધ જહાજ છે. જે આ વર્ષે ડિસેમ્બરમાં નૌસેનામાં સામેલ થશે. આમાં અમુક અપગ્રેડેશનનું કામ ચાલી રહ્યું છે. આ વર્ષે ડિસેમ્બરમાં આ ક્લાસનું આઈએનએસ સુરત પણ સામેલ છે. આ ક્લાસના ડેસ્ટ્રોયર્સમાં ૩૨ બરાક ૮ મિસાઈલો, ૧૬ બ્રહ્મોસ એન્ટી શિપ મિસાઈલ ૪ ટોર્પિડો ટ્યૂબ્સ, ૨ એન્ટી-સબમરીન રોકેટ લોન્ચર્સ, ૭ પ્રકારના ગન્સ હોય છે. ધ્રુવ અને સી કિંગ હેલિકોપ્ટર તહેનાત છે. આ એવા યુદ્ધજહાજ છે. જેનાથી સતત બ્રહ્મોસ સુપરસોનિક ક્રૂઝ મિસાઈલોનું પરીક્ષણ કરવામાં આવી રહ્યું છે. આ કલવારી ક્લાસ એટલે કે સ્કોર્પીન ક્લાસની ડીઝલ-ઈલેક્ટ્રિક એટેક સબમરીન છે. આ સબમરીન આ વર્ષે ડિસેમ્બરમાં તહેનાત થઈ જશે. આ એન્ટી-સરફેસ, એન્ટી-સબમરીન યુદ્ધમાં માહિર છે. આઈએનએસ વાઘશીર ઘણા મિશન કરી શકે છે. જેમ કે સપાટી વિરોધી યુદ્ધ, સબમરીન વિરોધી યુદ્ધ, ગુપ્ત માહિતી ભેગી કરવી, દરિયાઈ સુરંગ બનાવવી, વિસ્તાર સર્વેલન્સ વગેરે. સબમરીનને ઓપરેશન દરમિયાન તમામ સ્થિતિમાં કામ કરવા માટે ડિઝાઈન કરવામાં આવી છે.

આની લંબાઈ લગભગ ૨૨૧ ફૂટ, બીમ ૨૦ ફૂટ અને ઊંચાઈ ૪૦ ફૂટ હોય છે. પાણીની સપાટી પર તેની ગતિ ૨૦ KM પ્રતિકલાક છે. પાણીની અંદર આ ૩૭ કિ.મી પ્રતિ કલાકની સ્પીડથી ચાલે છે. આ ૫૦ દિવસ સુધી પાણીની અંદર પસાર કરી શકે છે. મહત્તમ ૩૫૦ ફૂટની ઊંડાઈ સુધી જઈ શકે છે. આમાં ૮ સૈન્ય અધિકારી અને ૩૫ સેલર તહેનાત કરવામાં આવી શકે છે. આની અંદર એન્ટી-ટોરપીડ કાઉન્ટરમેજર સિસ્ટમ લાગેલી છે. આ સિવાય ૫૩૩ મિમીના ૬ ટોરપીડો ટ્યૂબ્સ હોય છે, જેનાથી ૧૮ એસયુટી ટોરપીડોસ કે એસએમ.૩૯ એક્સોસેટ એન્ટી-શિપ મિસાઈલ લોન્ચ કરવામાં આવી શકે છે. આ સિવાય આ પાણીની અંદર ૩૦ સમુદ્રી બારુદી સુરંગ પાથરી શકે છે.

આ આગામી વર્ષે જૂનમાં નેવીમાં સામેલ થશે. આ સંધ્યક ક્લાસની સર્વે શિપ છે. આની મદદથી નૌસેના સમુદ્રની નીચે અને ઉપર કોઈ પણ પ્રકારનું રિસર્ચ અને સર્વે મિશન કરી શકે છે. આ પણ સંધ્યક ક્લાસનો સર્વે વેસલ છે. આ વર્ષે ઓગસ્ટમાં આ સામેલ થઈ ચૂકી છે. આમાં એડવાન્સ હાઈડ્રોગ્રાફિક તપાસ કરવાની ક્ષમતા છે. સાથે જ આ નૌસેનાના મેરિટાઈમ ઓપરેશન અને સુરક્ષિત નેવિગેશનમાં મદદ કરશે. આ વર્ષે નવેમ્બરમાં આ નેવીને મળશે. આનું ડિસ્પ્લેસમેન્ટ ૯૦૦ ટન હશે. આ લગભગ ૨૫૫ ફૂટ લાંબુ છે. બીમ ૩૪ ફૂટ ઊંચી છે. આ મહત્તમ ૪૬ દ્વા/રની ઝડપથી ચાલશે. આની રેન્જ ૩૩૦૦ દ્વા છે. આ યુદ્ધજહાજ પર ૭ અધિકારીઓ સહિત ૫૭ નૌસૈનિક તહેનાત થઈ શકે છે.

આમાં છજીઉ કોમ્બેટ સૂઈટ લાગેલું છે, જે દુશ્મનના હુમલાથી ટકરાવા માટે હથિયારોને તૈયાર કરશે. તેની પર નજર રાખશે. આની પર ૪ પ્રકારના મેનેજમેન્ટ સિસ્ટમ લાગેલી છે, જે યુદ્ધમાં યુદ્ધજહાજને સહી-સલામત રાખવામાં મદદ કરશે. ઈર્મ-૬૦૦૦ એન્ટી સબમરીન રોકેટ લોન્ચર લાગેલુ હશે. આ ૨૧૩ mmની એન્ટી-સબમરીન રોકેટ સિસ્ટમ છે, જે દુશ્મનની સબમરીનની ઉપર તાબડતોડ રોકેટ ફાયરિંગ કરે છે.

આ સિવાય આની પર ૬ હળવા વજન ધરાવતાં ASW ટોરપીડો લાગેલા છે. સાથે જ એન્ટી-સબમરીન સમુદ્રી બારુદી સુરંગો રહેશે. આઈએનએસ અરનાલા પર ૩૦ મિલિમીટરની એક CRN-91 નેવલ ગન હશે. આ એક ઓટોમેટિક ગન હોય છે, જે દર મિનિટે ૫૫૦ ગોળીઓ દાગી શકે છે એટલે કે દુશ્મનનું જહાજ તૂટી પડશે. આની રેન્જ 4 km છે. આ સિવાય ૨ ઓએફટી ૧૨.૭ મિલિમીટર એમ૨ સ્ટેબ્લાઈઝ્ડ રિમોટ કંટ્રોલ્ડ ગન લાગેલી હશે. આ ભારતીય નૌસેનાનું વોટર જેટ પ્રોપલ્શન પાવર્ડ સિસ્ટમથી લેસ સૌથી મોટું યુદ્ધ જહાજ હશે. આ આગામી વર્ષે ઓગસ્ટમાં મળનાર ASW-SWC કૉર્વેટ છે. આ એક માઈનસ્વીપર છે. આ સિવાય આમાં બધું જ અરનાલા જેવું જ હશે.

આ તલવાર ક્લાસનું ફ્રિગેટ છે. આને ફેબ્રુઆરી ૨૦૨૫માં નૌસેનામાં સામેલ કરવામાં આવશે. આ યુદ્ધ જહાજોનું સમુદ્રમાં ડિસ્પ્લેસમેન્ટ ૩૮૫૦ ટન હોય છે. લંબાઈ ૪૦૯.૫ ફૂટ, બીમ ૪૯.૧૦ ફૂટ અને ડ્રોટ ૧૩.૯ ફૂટ છે. આ યુદ્ધ જહાજ સમુદ્રમાં મહત્તમ 59 km/hrની ઝડપથી ચાલે છે.

આ યુદ્ધ જહાજ ૧૮ અધિકારીઓ સહિત ૧૮૦ સૈનિકોને લઈને ૩૦ દિવસ સુધી સમુદ્રમાં તહેનાત રહી શકે છે. આ યુદ્ધ જહાજ ઈલેક્ટ્રોનિક વોરફેર સિસ્ટમથી લેસ છે. સાથે જ ૪ કેટી-૨૧૬ ડિકોય લોન્ચર્સ લાગેલા છે. આ સિવાય આમાં ૨૪ Shtil-1 મીડિયમ રેન્જની મિસાઈલ તહેનાત છે. ૮ ઈગલા-1E, ૮ વર્ટિકલ લોન્ચ એન્ટી-શિપ મિસાઈલ ક્લબ, ૮ વર્ટિકલ લોન્ચ એન્ટી-શિપ અને લેન્ડ એટેક બ્રહ્મોસ મિસાઈલ પણ તહેનાત છે. આમાં એક ૧૦૦ મિલિમીટરની છ-૧૯૦ઈ નેવલ ગન લાગેલી છે. આ સિવાય એક 76 mmની ઓટો મેલારા નેવલ ગન લાગેલી છે. ૨ AK-630 સીઆઈડબલ્યુએસ અને ૨ કશ્તાન સીઆઈડબલ્યુએસ ગન લાગેલી છે. આ જોખમી બંદૂકો સિવાય બે ૫૩૩ મિલિમીટરની ટોરપીડો ટ્યૂબ્સ છે અને એક રોકેટ લોન્ચર પણ તહેનાત કરવામાં આવી છે. આ યુદ્ધ જહાજ પર એક કામોવ-૨૮ કે એક કામોવ-૩૧ કે ધ્રુવ હેલિકોપ્ટર લેસ હોઈ શકે છે. આવી જ આઈએનએસ તુશીલ છે. આ વર્ષે આ સપ્ટેમ્બરમાં નૌસેનાને મળશે.

આ યુદ્ધજહાજ આ વર્ષે ડિસેમ્બરમાં સેનાને મળી જશે. આના આગામી ફ્રિગેટ્સ આઈએએસ ઉદયગિરી આગામી વર્ષે માર્ચ, આઈએનએસ હિમગિરી ઓગસ્ટમાં નૌસેનામાં મળશે. નીલગિરી ક્લાસ ફ્રિગેટ્સ હકીકતમાં ગાઈડેડ મિસાઈલ ફ્રિગેટ્સ છે. આને મજગાંવ ડોક અને ગાર્ડેન રીચ શિપબિલ્ડર્સ એન્ડ એન્જિનિયર્સ બનાવી રહ્યાં છે. જેના હેઠળ સાત યુદ્ધ જહાજ બનાવવામાં આવી રહ્યાં છે.

આમાં પાંચ લોન્ચ થઈ ચૂકી છે જે ૨૦૨૫ સુધી ભારતીય નૌસેનામાં સામેલ થઈ જશે. આ ફ્રિગેટ્સ ૬૬૭૦ ટન ડિસ્પ્લેસમેન્ટ કરે છે. આમાં ૩૨ બરાક-૮ મિસાઈલો, ૮ બ્રહ્મોસ મિસાઈલો, ૨ વરુણાસ્ત્ર ટોરપીડો લોન્ચર, ૨ એન્ટી-સબમરીન રોકેટ લોન્ચર, ત્રણ ગન્સ લાગેલી હોય છે. આ સિવાય આની પર ધ્રુવ અને સીકિંગ હેલિકોપ્ટર તહેનાત થઈ શકે છે. ચાર કવચ ડિકોય લોન્ચર્સ લાગેલા છે. ૨ ટોરપીડો કાઉન્ટરમેજર્સ સિસ્ટમ લાગેલી છે.

## અમરેલી : ગજેરા કેમ્પસના ખેલાડીઓએ એસ.જી.એફ.આઈ સ્ટેટલેવલ અંડર ૧૭ બોયઝ જુડો ટુર્નામેન્ટમાં ગોલ્ડ, સિલ્વર અને બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યા




અમરેલી, તા. ૧૦

તારીખ ૮ થી ૧૦ ઓકટોબરના રોજ મહેસાણા મુકામે SGFI સ્ટેટ લેવલ અંડર – ૧૭ બોયઝ જુડો ગેમનું આયોજન થયેલ હતું. જેમાં જીલ્લાની વિવિધ શાળાઓમાંથી આવેલા ખેલાડીઓએ ગેમમાં પ્રતિનિધિત્વ કરેલ. જેમાં શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા સ્કૂલના ખેલાડીઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરેલ, જેમાં મેણીયા કલ્પેશ ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરેલ, સાવલિયા શ્યામ સિલ્વર મેડલ પ્રાપ્ત કરેલ, મકવાણા કુલદીપ બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કરેલ, તેમજ અન્ય વિદ્યાર્થીઓએ કડસડીયા અંકિત, રૈયાણી ધવલ, પટેલ હિલ ગેમમાં પાર્ટિસીપેશન કરેલ હતું. જેઓ ના કોચ ધ્રુવરાજસિંહ ગોહિલ અને ટ્રેનર અલ્પાબેન વાઢેરના માર્ગદર્શન હેઠળ ટ્રેનિંગ મેળવે છે, વિજેતા તમામ ખેલાડીઓને સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી ચતુરભાઈ ખુંટ, મંત્રી મનસુખભાઈ ધાનાણી તેમજ કેમ્પસ ડાયરેકટર વસંતભાઈ પેથાણીએ અભિનંદન પાઠવ્યા હતાં.

## નવાણીયા : કોલકતા, પાવગઢ જેટલું જ મહત્વ ધરાવતા કોઠાવાળી મહાકાળી માતાજીનું મંદિર

બાબરા, તા. ૧૦

બાબરા તાલુકાનાં નવાણીયા ગામે કોઠાવાળી મહાકાળી માતાજીનું સ્થાન આવેલ છે. એની લોક વાયકા છે કે ૫૦૦ થી ૬૦૦ વર્ષ પહેલા આ ગામમાં લાખો વણજારો વેપાર ધંધા માટે પોઠો લઈને ગામના પાદરમાં ઉતર્યા હતા, ત્યારે તેમની પાસે નાણા ખૂટી જતા ગામનાં દરબારની પાસે સમસ્યા રજુ કરતા દરબારે તેના કામદાર જસાણી કામદારને હુકમ કરતા લાખાએ નાણાની બદલી માતાજીની મુર્તિ મુકી અને જયારે નાણા પાછા આપી મૂર્તિ લેવા આવ્યા ત્યારે જયાં દરબારે અને જસાણી કામદારે માતાજીની સ્થાપના કરી હતી તે ગોખમાંથી અવાજ આવ્યો કે હવે હું તારી સાથે નહિ આવું તને જયારે



દર્શનની ઈચ્છા થાય ત્યારે તુ અહી આવજે. જસાણી કામદારનાં સપનામાં આવીને માતાજીએ કહ્યું કે હું જસાણી પરિવારનાં કુળદેવ તરીકે પણ પુજાઈશ. હાલ ગામનાં ખેડુતોમાં કરવેરાથી દશેરાનાં દિવસે હવન થાય છે. કોઈપણ વિનાશ કે રોગથી રક્ષણ માટે ગામનાં લોકો માતાજીને લાપસી કરે છે. માતાજીની શ્રધ્ધાથી માનતા રાખે છે. બધાની મનોકામના અહી પૂર્ણ થાય છે. નવરાત્રીમાં અહી મોટી સંખ્યામાં ભાવિકોની ભીડ રહે છે. તેમાં આઠમનો મહિમા ખુબ જ મોટો છે અને રવિવાર તથા મંગળવારનાં દર્શનનો પણ અહી વિશેષ મહિમા છે. મહાકાળી માતાજીનું મુખ્ય સ્થાનક કલકતા બીજુ પાવાગઢ એટલુ જ મહત્વ ધરાવતું ત્રીજું સ્થાનક નવાણીયા ગામે કોઠાવાળી મહાકાળી માતાજી છે.

### અત્યાર સુધી શાંત પડેલા વરસાદે ફરી દસ્તક દીધી

## ગુજરાતમાં ૧૧થી ૧૩ ઓક્ટોબર સુધી વરસાદ પડવાની સંભાવના

### હવામાન વિભાગે જણાવ્યું હતું કે આજે દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્ર, પૂર્વ અને મધ્ય ગુજરાતમાં વરસાદની સંભાવના

અમદાવાદ,તા.૧૦

હવામાન વિભાગની તાજેતરની આગાહી મુજબ, રાજ્યમાં આજથી ૧૩ ઓક્ટોબર સુધી વરસાદની સંભાવના છે. તો રાજ્યના કેટલાક જિલ્લાઓમાં ભારે વરસાદને લઈને યલો એલર્ટ પર છે. આગાહી સાંજ સુધીની જ છે તેથી હવામાન બગડવાની સો ટકા શક્યતા છે. હવામાન વિભાગના વૈજ્ઞાનિક અભિમન્યુ ચૌહાણે જણાવ્યું હતું કે આજે દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્ર, પૂર્વ અને મધ્ય ગુજરાતમાં વરસાદની સંભાવના છે.

જૂનાગઢ, ગીર સોમનાથ, અમરેલી, ભાવનગર, અમદાવાદ, આણંદ, ખેડા, વડોદરા, પંચમહાલ, દાહોદ, છોટાઉદેપુરમાં ભારે વરસાદની આગાહી છે. તેથી મહિસાગર, અરવલ્લી, ભરૂચ, નર્મદા, સુરત, તાપી, નવસારી, ડાંગ, વલસાડ, દમણ અને દાદરા નગર હવેલીમાં ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની અપેક્ષા છે. સાંજે મોટે ભાગે વરસાદ પડવાની શક્યતા છે. વાવાઝોડા સાથે વરસાદ પડી શકે છે. નવરાત્રીના અંતિમ દિવસે ૧૧ ઓક્ટોબરે સુરત, તાપી, નવસારી અને વલસાડમાં ભારે વરસાદની સંભાવના છે. તેથી અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ, દીવમાં ભારે વરસાદની સંભાવના છે. તેથી ત્રીજા દિવસે ૧૨ ઓક્ટોબરે થોડો સામાન્ય વરસાદ પડશે અને થોડો ભારે વરસાદ પડશે. તેમણે કહ્યું કે ગુજરાતમાં વાદળછાયા વાતાવરણને કારણે તાપમાનમાં ૪ ડિગ્રીનો ઘટાડો થશે. ત્રણ દિવસ સુધી તાપમાન ઘટશે અને તે પછી તાપમાન ફરી વધશે. અમદાવાદમાં થોડો વરસાદ પડી શકે છે. ખાસ કરીને સાંજના સમયે વરસાદની સંભાવના છે. તેથી નવરાત્રિને અસર થશે. સિઝનમાં અત્યાર સુધીમાં ગુજરાતમાં ૭૫ ટકા અને સૌરાષ્ટ્ર કચ્છમાં ૨૫ ટકા વધુ વરસાદ નોંધાયો છે. હવામાનશાસ્ત્રી અંબાલાલ પટેલે આગાહી કરી છે કે ૧૨ ઓક્ટોબર સુધી ગુજરાતના વિવિધ ભાગોમાં વરસાદ પડશે. આજે ખેલાડીઓના રંગ બગડશે. આજે સુરત અને સૌરાષ્ટ્રના વિસ્તારોમાં વરસાદ પડશે. તો દક્ષિણ ગુજરાતમાં વરસાદ પડશે. પંચમહાલના કેટલાક વિસ્તારોમાં પણ વરસાદ પડશે. અમદાવાદમાં ગાંધીનગરમાં પણ વરસાદ પડવાની સંભાવના છે.

આહવા, ડાંગ, વલસાડ અને નવસારીમાં વરસાદનું પ્રમાણ વધશે. આ વિસ્તારોમાં ગાજવીજ સાથે વરસાદની અપેક્ષા છે. ડીપ ડિપ્રેશનની રચનાને કારણે આગામી ૧૪ થી ૨૨ ઓક્ટોબર દરમિયાન વાવાઝોડાની સંભાવના છે. અંબાલાલ પટેલની આગાહી મુજબ રાજ્યમાં ૧૪ થી ૨૨ ઓક્ટોબર દરમિયાન ચક્રવાત ત્રાટકે તેવી શક્યતા છે. ગુજરાતના કેટલાક વિસ્તારોમાં વરસાદ અને ગાજવીજની શક્યતા છે. નવેમ્બર સુધી રાજ્યમાં હળવા વરસાદની શક્યતા છે. નવેમ્બર સાથે શિયાળો પણ શરૂ થશે.

## અમરેલીની દેના બેન્ક સોસાયટીમાં આસ્થાભેર નવરાત્રિની ઉજવણી



અમરેલી, તા. ૧૦

અમરેલી નવરાત્રિ દરમ્યાન દેના બેંક સોસાયટી દરરોજ રાસ ગરબાની રમઝટ યોજાય છે. દરરોજ શરૂઆતમાં અંબામાની સ્તુતિ આરતી કરવામાં આવે છે. ત્યારબાદ સોસાયટીની બહેનો એક કુટુંબીક ભાવના સાથે માના ગરબા રમે છે. અહીં બાળકો પણ રમે છે. નવલા નોરતામાં ભારતીબેન મહેતાનું માર્ગદર્શન રહે છે. દેના બેંક સોસાયટીના ભારતી બેન મહેતા, રાજુભાઈ પરિખ, વર્ષાબેન પરિખ, ગીતાબેન ત્રિવેદી, સુધાબેન ગઢીયા, ઈલાબેન, સોનલબેન ત્રિવેદી, ચંદ્રિકાબેન વાઢેર, ડીમ્પલબેન તેરૈયા, શોભનાબેન જોષી, મિતાબેન ભટ્ટ, હંસાબેન સેંજલીયા, મનુબેન બસ્તયા, નીતાબેન બસત, સ્નેહલબેન, નીશાબેન બસન, હીનાબેન સાગર, ચેતનાબેન ખેતાણી, વિરાજબેન વ્યાસ, નયનાબેન વરીયા, પલ્લવીબેન દવે, અનસુયાબેન સંઘવી, જયશ્રીબેન મહેતા, અરૂણાબેન પંડયા તથા સોસાયટીના અન્ય બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધેલ.

### અંતિમ સંસ્કારમાં માનવ મહેરામણ ઉમટ્યું

## પંચમહાભૂતમાં વિલીન થયા રતન ટાટા, લોકોએ અશ્રુભીની આંખે આપી વિદાય

મુંબઈ, તા.૧૦

ટાટા સન્સના માનદ ચેરમેન રતન ટાટાનું ૮૬ વર્ષની ઉંમરમાં બુધવાર રાતે નિધન થઈ ગયું. તેમણે મુંબઈની બ્રીચ કેન્ડી હોસ્પિટલમાં અંતિમ શ્વાસ લીધા. તેમનો પાર્થિવ દેહ મુંબઈના NCPA ગ્રાઉન્ડમાં અંતિમ દર્શન માટે રાખવામાં આવ્યો હતો. જ્યાં મોટી સંખ્યામાં લોકો તેમને શ્રદ્ધાંજલિ આપવા આવ્યા હતા. નેતાઓથી લઈને અભિનેતા, ખેલાડીઓ અને સામાન્ય લોકો તેમના અંતિમ દર્શને પહોંચ્યા હતા. ખ્યાતનામ ઉદ્યોગપતિ રતન ટાટાના અંતિમ સંસ્કાર રાજકીય સન્માન સાથે મુંબઈના વર્લી શ્મશાનમાં કરવામાં આવ્યા છે. રતન ટાટાનો પાર્થિવ દેહ પંચતત્વમાં વિલિન થઈ ગયો છે. તેમની અંતિમ યાત્રામાં માનવ મહેરામણ ઉમટ્યું હતું. નેતાઓ, અભિનેતા સહિતના અન્ય કેટલાય ક્ષેત્રના દિગ્ગજ લોકો તેમની અંતિમ યાત્રામાં જોડાયા હતા. દેશના ખ્યાતનામ ઉદ્યોગપતિ રતન ટાટા પંચતત્વમાં વિલિન થઈ ગયા છે. મુંબઈના વર્લી શ્મશાન ઘાટ પર રાજકીય સન્માન સાથે તેમના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સહિત કેટલાય મોટા નેતાઓએ અહીં પહોંચીને તેમને અંતિમ વિદાય આપી છે. તેમની ઈચ્છા અનુસાર, તેમના પાર્થિવ દેહને ઈલેક્ટ્રિક અગ્નિદાહ આપવામાં આવ્યો છે. મુંબઈ પોલીસે ૨૧ તોપોની સલામી સાથે ગાર્ડ ઓફ ઓનરનું સન્માન આપ્યું હતું. આ અંગે ટાટા ગ્રૂપે માહિતી આપતા કહ્યું હતું કે અપાર દુઃખ સાથે અમે અમારા પ્રિય રતનના શાંતિપૂર્ણ નિધનની જાહેરાત કરીએ છીએ. અમે તેમના ભાઈ, બહેન અને સ્વજન તથા તેમની પ્રશંસા કરનારા તમામ લોકોના પ્રેમ અને સન્માનથી સાંત્વના મહેસૂસ કરીએ છીએ. રતન ટાટાના પાર્થિવ દેહને નેશનલ સેન્ટર ફોર પરફોર્મિંગ આર્ટ્સમાં રાખવામાં આવ્યો હતો. જ્યાં શ્રદ્ધાંજલિ આપવા માટે લોકો એકઠા થઈ રહ્યા હતા. તેમને અંતિમ વિદાય આપવા માટે એનસીપીએ બહાર એટલા લોકો એકઠા થઈ હતા કે ત્યાં ભાગદોડ મચી ગઈ હતી. સ્થિતિને કાબૂમાં કરવા માટે પોલીસે બળપ્રયોગ કરવો પડ્યો હતો.

ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે કહ્યું, તે સાદગી અને વિનમ્રતાના પ્રતિક હતા. જ્યારે પણ હું રાષ્ટ્રપતિ ભવનમાં ભોજન સમારંભ દરમિયાન તેમને આમંત્રણ આપતો હતો, મેં તેમનામાં એવી નમ્રતા જોઈ હતી કે તેઓ ક્યારેય મોટા ઉદ્યોગપતિ લાગતા નહોતા. તેઓ એક દેશભક્ત, સામાન્ય વ્યક્તિ હતા અને હંમેશા પ્રોટોકોલનું પાલન કરતા હતા જ્યારે આપણે ટાટા જૂથના કોઈપણ ઉદ્યોગને જોઈએ છીએ, ત્યારે આપણે તેમાં સર્વોચ્ચ રાષ્ટ્રીય હિત જોશું.

રતન ટાટાના નિધન પર પૂર્વ ક્રિકેટર કપિલ દેવે કહ્યું, જ્યારે કોઈ મહાન વ્યક્તિ આ દુનિયા છોડીને જાય છે, ત્યારે સ્વાભાવિક રીતે જ આપણને દુઃખ થાય છે, પરંતુ તે કેવો વારસો છોડી ગયા છે. મારી પાસે શબ્દો નથી. દરેકને આ વિશે જાણવાની જરૂર છે. પરંતુ દરેક લોકોને જવાનુ છે, તેઓ તેમના કામ માટે જાણીતા છે. આપણને તેમના કરતાં વધુ સારી વ્યક્તિ ક્યારેય નહીં મળે. મુંબઈના વરલી સ્મશાનગૃહમાં ઉદ્યોગપતિ રતન ટાટાને શ્રદ્ધાંજલિ આપ્યા બાદ અભિનેતા રાજપાલ યાદવે કહ્યું કે, રતન ટાટાએ મને શીખવ્યું કે લોકોના ભલા અને સામાજિક કલ્યાણ માટે બિઝનેસ કેવી રીતે ચલાવવો. એકવાર તેણે મને ગળે લગાવીને કહ્યું, દીકરા, તું હંમેશા અસલ છે. ઘણા વર્ષો પહેલા મને તેમના આશીર્વાદ મળ્યા હતા. ત્યારથી હું તેને સલામ કરું છું. તેની જગ્યા કોઈ લઈ શકતું નથી.

# બાબરામાં શ્રી વડલીવાળી મેલડી મા મંદિરે નવરાત્રિ મહોત્સવમાં હજારોની સંખ્યામાં માતાઓ-બહેનો ગરબે ઘૂમી રહી છે


તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરામાં નિલવળા રોડના કાંઠેઆવેલશ્રીવડલીવાળીમેલડીમાંમંદિરે વર્ષમાંબે નવરાત્રી મહોત્સવનુંઆયોજન માતાજીનાપરમઉપાસકરાજુભાઈજેઠવા દ્વારાકરવામાંઆવેછેજેમાંઆસોનવરાત્રી અનેચૈત્રીનવરાત્રીજેમાંબાબરાશહેરસહિત તાલુકા ની માતાઓ બહેનો અને નાની દીકરીઓ મોટી સંખ્યામાં રાશે રમી માતાજીની આરાધના કરે છે. બાબરા માં નવરાત્રીસાતમાનોરતેહજારોનીસંખ્યામાં માતાજીરાસરમવાબહેનોઉમટીપડીહતી અહીસૌરાષ્ટ્રનાસુપ્રસિદ્ધસિંગરરિયાજમીર ના સથવારે બહેનો પ્રાચીન અને અને અર્વાચીનરાસેરમીરહીછે,અહીંમેલડીમાં મહાકાળી ખોડિયાર માં જોગણી સહિતના માતાજીની વેશભૂષા સાથે દીકરીઓ રાસે રમી હતી. મેલડીમાં મંદિરે આયોજિત નવરાત્રીમહોત્સવમાંબહેનોદીકરીઓમાટે સુંદર વ્યવસ્થા મુખ્ય આયોજક રાજુભાઈ જેઠવાદ્વારાકરવામાંઆવીછેતેમજબજરંગ દલ ના સભ્યો ખડે પગે સેવા આપી રહ્યા છે આ સિવાય બાબરા પોલીસ પી આઈ સહિતનો પોલીસસ્ટાફ પૂરતો બંદોબસ્ત જાળવી સતત પેટ્રોલિંગ કરી રહ્યા છે.

### એડવોકેટ ઉદયન ત્રિવેદીની દલીલો સફળ રહી

## બાબરા : વાંકીયા ગામે જીવલેણ હુમલો કરનાર આરોપીઓનો નિર્દોષ છુટકારો

### પ્રિન્સીપલ જયુડી. મેજીસ્ટ્રેટશ્રી એસ.સી. વાઘેલા દ્વારા આદેશ

અમરેલી, તા. ૧૦

આ કામની ફરિયાદ વાંકીયા ગામના સવિતાબેન કમાભાઈ ઓળ કીયાએ આ કામના આરોપી ઉદયભાઈ અશોકભાઈ ધાધલ તથા અશોકભાઈ ઉનડભાઈ ધાધલ વિરૂધ્ધ આપેલ હતી. એ ફરિયાદની વિગતે આ કામના ફરિયાદી બપોરના ૧૨ વાગ્યે તેમના દિકરા કલ્પેશ સાથે તેમનુ બુલેટ સાયકલ લઈને તેમના પિયર લાલકા મુકામે આંટો મારવા ગયેલ હતા અને ત્યાંથી પરત આવતા હતા તે વખતે સાંજના આશરે ૫:૩૦ વાગ્યે ભુતડાદાદાના મંદિરથી આગળ વાંકીયા તરફ જતા હતા તે વખતે રોડ પર આ કામના આરોપી અશોકભાઈ ધાધલ તથા તેમનો દિકરો ઉદયભાઈ બંને જણા રસ્તાની વચ્ચે ઉભા રહી ગયેલ હતા અને અશોકભાઈના હાથમાં લાકડી હતી, તેમના દિકરાના હાથમાં કુહાડી હતી અને અશોકભાઈએ લાકડીનો ઘા મારતા ફરિયાદીના દિકરા કલ્પેશ બુલેટ પરથી પડી ગયેલ અને ફરિયાદી પણ સ્થળ પર પડી ગયેલ હતા. ત્યારબાદ આ કામના આરોપીઓએ એકસંપ કરી કુહાડીના ઘા ડાબા પગમાં મારેલ અને બુલેટ પર મારેલ હતો. તે સમયે આજુબાજુની વાડી વાળા



મનસુખભાઈ સ્થળ પર આવી ગયેલ અને આ કામના ફરિયાદી તથા તેના દિકરાને વધુ મારમાંથી બચાવેલ હતા અને ત્યાંથી પછી આ કામના ફરિયાદી બાબરા સરકારી દવાખાનામાં અને ત્યારબાદ અમરેલી પ્રાઈવેટ હોસ્પિટલમાં દાખલ થયેલ હતા અને ત્યાં તેમને થોડા દિવસ સારવાર આપીને ત્યારબાદ ડીસ્ચાર્જ કરવામાં આવેલ હતા.

ઉપરોકત બનાવની વિગતે ફરિયાદી સવિતાબેનની ફરિયાદ પોલીસે લીધેલ હતી. ત્યારબાદ ફરિયાદી ઉપર આ કામના આરોપીઓએ કુહાડી તથા લાકડીથી જે જીવલેણ હુમલો કરેલો તે બાબતે તપાસ કરી બંને આરોપીઓ વિરૂધ્ધ ચાર્જશીટ દાખલ કરેલ હતી. આ કામે જે તે સમયે બાબરા તાલુકાના પાંચાળ પંથકના આગેવાનોએ સમાધાન માટે ખુબ પ્રયત્નો કરેલા પરંતુ આ કામે સમાધાન નહીં થતા આ કેસ સમગ્ર વિસ્તારમાં ખુબ ચર્ચાસ્પદ બનેલ હતો.

ત્યારબાદ આ કામે પુરાવો શરૂ થતા આ કામના ફરિયાદી તથા ઈજા પામનાર તથા નજરે જોનાર સાહેદોને તથા ડોકટરને તથા પોલીસ અધિકારીને ફરિયાદપક્ષે તપાસવામાં આવેલ હતા.

આ કેસ નામદાર બાબરાના પ્રિન્સીપલ જયુડી. મેજી. શ્રી એસ.સી. વાઘેલાની કોર્ટમાં ચાલી જતા ફરિયાદપક્ષ પોતાનો કેસ આ કામના આરોપી વિરૂધ્ધ સાબીત નહીં કરી શકતા આ કામના આરોપીઓ ઉદયભાઈ અશોકભાઈ ધાધલ તથા અશોકભાઈ ઉનડભાઈ ધાધલને નિર્દોષ છોડી મુકવાનો હુકમ કરેલ છે.

આ કેસમાં આરોપી તર્ફે અમરેલીના સીનીયર એડવોકેટ શ્રી ઉદયન ત્રિવેદી રોકાયેલ હતા. આમ આ કામે બચાવપક્ષ તરફથી રજુ થયેલ દલીલો ધ્યાને લઈ આ કામના બંને આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ બાબરાના પ્રિન્સીપલ જયુડી. મેજી. શ્રી એસ.સી. વાઘેલા દ્વારા કરવામાં આવેલ છે.

## સાવરકુંડલા બેગલેસ ડે અંતર્ગત સ્પોર્ટ્સ ડે ની ઉજવણી



સાવરકુંડલા, તા. ૧૦

સાવરકુંડલા ખાતે બેગલેસ ડે અંતર્ગત સ્પોટર્સ ડે ની ઉજવણી કરવામાં આવી. જેમાં દરેક ધોરણના બધા જ બાળકોને અલગ અલગ સ્પર્ધાઓ તેમજ રમતો રમાડવામાં આવી.

સૌપ્રથમ લીંબુ ચમચી સ્પર્ધા રાખવામાં આવી, ત્યારબાદ કોથળા દોડની હરીફાઈ કરવામાં આવી. તેમજ દડો પસાર રમત રમાડવામાં આવી ઉપરાંત રૂમાલ ઉપાડની રમત રમાડવામાં આવી ત્યારબાદ રસાખેચની રમત રમાડવામાં આવી ત્યારબાદ દોરડા કુદ, ચેસની રમતો રમાડવામાં આવી. રમતો દ્વારા બાળકોના શારીરિક માનસિક વિકાસને વેગ મળે છે. બાળકોને વિચાર શક્તિ, નિરીક્ષણ શક્તિ, અવલોકન શક્તિની ખીલવણી થાય છે આજના મોબાઈલ યુગમાં શારીરિક પ્રવૃત્તિનું પ્રમાણ ખૂબ જ ઓછું થઈ ગયું છે ત્યારે આ રમતગમત અને સ્પર્ધાઓ બાળકોના શારીરિક કૌશલ્યના વિકાસ માટે અત્યંત આવશ્યક અને આશીર્વાદરૂપ છે. અંતમાં તમામ રમતોમાં વિજેતા વિદ્યાર્થીઓને ઈનામ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

### ગાયત્રી ગરબી મંડળ બન્યુ કોમી એકતાનુ પ્રતિક

## વડિયામાં હિન્દુ-મુસ્લિમ બાળાઓ સાથે ગરબે ઘુમી મા ની કરે છે આરાધના

### ગામમાં પરંપરાગત નવરાત્રિની ઉજવણી


તસ્વીર : દિવ્યાંગગીરી ગોસાઈ–વડિયા

વડિયા, તા. ૧૦

દેશ અને વિદેશમાં હાલ માઁ આરાધના રૂપી નવલા નોરતા (નવરાત્રી )ની ઉજવણી હર્ષ ઉલ્લાસ સાથે કરવામાં આવી અહીં છે. મહાનગરો માં હાલ આધુનિક યુગના પાર્ટીપ્લોટ ક્લચર ના ગરબાઓ ગવાય છે જયારે ગ્રામીણ વિસ્તાર માં હજુ પરંપરાગત ગરબા થી નવરાત્રી ઉજવાઈ રહી છે. કોમી એકતા ધરાવતા બિન સાંપ્રદાયિક દેશ ભારત હોવાથી અહીં તમામ ધર્મ ના લોકો હળી મળીને તહેવરો ઉજવે છે ત્યારે વડિયા માં પણ ૧૦ થી વધુ શેરી ગરબીઓ દ્વારા માતાજી ની ઉપાસના કરવામાં આવી રહી છે ત્યારે ગાયત્રી ચોક માં આવેલી નવરાત્રી આકર્ષણનુ કેન્દ્ર બનતી જોવા મળી રહી છે. આ ગરબીમાં હિન્દૂ ધર્મ ની બાળાઓ સાથે મુસ્લિમ ધર્મની બાળાઓ પણ માતાજી ની આરાધના કરતી જોવા મળી રહી છે ત્યારે વડિયા માં ગાયત્રી ચોક ગરબી મંડળ એ કોમી એકતા નુ પ્રતીક સમાન બનતી જોવા મળી છે. આ ગરબી મંડળ માં યુવાની મહેનત અને દાતાઓના સહયોગથી રોજ ગરબે ઘૂમતી બાળાઓને ઈનામ વિતરણ અને ઉપસ્થિત તમામ લોકોને અવનવી ખાદ્ય ચીજવસ્તુઓ નાસ્તા રૂપે પીરસાવા માં આવે છે. કોમી એકતા પ્રતીક રૂપ આ ગરબીમાં આજે પણ પરંપરાગત ગરબા રમી બાળાઓ દ્વારા માતાજીની આરાધના કરવામા આવે છે ત્યારે આજના પાર્ટીપ્લોટ ના ક્લચર માં હજુ પરંપરાગત સંસ્કૃતિ ની જાળવણી થતી જોવા મળી રહી છે.

## ચલાલા : સેવા પ્રવૃત્તિના ભેખધારી પુ. ડો. રતિદાદાનો આજે ૭૦મો જન્મ દિવસ

ચલાલા, તા. ૧૦

ચલાલા અને આજુબાજુના વિસ્તારોમાં તમામ પ્રકારની સેવાકીય પ્રવૃતિ માટે પૂ. ડો. રતિદાદાનું નામ ગુંજી રહ્યું છે. અહી આવતા લોકોની તમામ તકલીફો વેદમાતા ગાયત્રી દ્વારા અને તેના નિમિત એવા પુ.ડો. રતિદાદા દ્વારા દુર થાય છે. એક નાનકડી શરૂઆત થી લઈને પુ.ડો.રતિદાદા એ સંસ્થાને હાલ એક વટ વૃક્ષ સમાન બનાવી દીધી છે. જેમાં તેમાની અથાગ મહેનત સાથે પરિવારનોનો સાથ સહકાર તથા લોકોની સેવા માટેનો તેમનામાં રહેલો ભાવ સાક્ષાતમાં ગાયત્રી દર્શન કરાવે છે.

પુ.ડો. રતિદાદા સંસ્થામાં હાલ આરોગ્ય સેવા, શિક્ષણ સેવા, પર્યાવરણ સેવા, ગૌ સેવા, માનવસેવા વગેરે જીવંત રૂપે ચાલી રહી છે. જેમાં – આરોગ્ય સેવામાં સંસ્થા દ્વારા ૨૭૧ નેત્રયજ્ઞ, દંતયજ્ઞ તથા સર્વરોગ કેમ્પો પુરા કરી હજારો લોકોન મોતિયાના વિનામૂલ્યે ઓપરેશન કરી દેખાતા કર્યા છે. સાથે રામ હોસ્પિટલમાં દાંત વિભાગ, આંખ વિભાગ, કાન – નાક ગળાનો વિભાગ આ તમામ વિભાગ વિનામૂલ્યે ચલાવવામાં આવે છે. અને જરૂરીયાતમંદ દર્દીઓ માટે વોકર, યુરીન ચેર, વ્હીલચેર, સ્ટ્રેચર વગેરે સાધનો વિનામૂલ્યે વાપરવાં આપવામાં આવે છે. હાલ ૨૫૦ જેટલા સાધનો સંસ્થા દ્વારા દર્દીઓના ઉપયોગમાં કાર્યરત છે.

શિક્ષણ સેવામાં માતા પિતા વગરના બાળકોને રહેવા, જમવા તથા અભ્યાસની સુવિધા આપી તેમને



પગભર કરવામાં આવે છે. ગાયત્રી સંસ્કાર વિદ્યાલય નામની શાળામાં ગરીબ અને જરૂરિયાતમંદ કુટુંબની ૫૦ જેટલી દિકરીઓ વિનામૂલ્યે અભ્યાસ કરે છે. તથા દીકરીઓ માટે આર્ટસ, કોમર્સ, બી.સી.એ. કોલેજની સુવિધા પણ ઉપલબ્ધ છે.

સંસ્થામાં હાલમાં એક નવું મોરપીછ રૂપે સંસ્કૃત શકિત અને રક્ષા શકિત સ્કુલ શરૂ કરવામાં આવી છે.

પર્યાવરણ સેવામાં વર્ષ દરમિયાન અલગ અલગ કાર્યક્રમો દ્વારા ૨૫૦૦ જેટલા રોપાઓ વિતરણ કરી અને તેનો ઉછેર કરાવી પર્યાવરણ ક્ષેત્રે જનજાગૃતિ લાવવામાં આવે છે.

ગૌ શાળામાં સંસ્થામાં શ્રી કૃષ્ણ ગૌ શાળામાં ઓરીજનલ ગીર ગાયોનો ઉછેર કરવામાં આવે છે. અવેડી બનાવી પાણીની વ્યવસ્થા કરવામાં આવે છે. રઝળતી ગાયો માટે લીલાની વ્યવસ્થા કરવામાં આવે છે.

દર વર્ષે સર્વજ્ઞાતિ સમૂહલગ્નો દ્વારા ગરીબ અને જરૂરિયાતમંદ દીકરીઓના માતા – પિતા બની તેમને કરિયાવર આપી તેમને વિદાય કરાવે છે. ૧૬/૨/૨૫ ના રોજ લગ્ન છે. જેનું નોંધણી કાર્ય શરૂ છે.

માતા પિતાનું ઘર વૃધ્ધાશ્રમમાં વૃધ્ધોને તમામ જરૂરીયાતો પૂરી કરી તેમને સુંદર રીતે સચાવમાં આવે છે. રહેવા જમવા, કપડા માટે વોશિંગ મશીન, ટી.વી. જેવી ભૌતિક સુવિધા સાથે તેમની સર સંભાળ કરવામાં આવે છે.

વિધવા બહેનોનું મંડળ બનાવી તેમને દર પૂનમે સત્સંગ, ચા – નાસ્તો તથા વિનામૂલ્યે યાત્રા પ્રવાસ કરવામાં આવે છે. સાથે જરૂરિયાતમંદ લોકોને દર મહિને રાશનકીટ, ઉનાળ ામાં ચપ્પલ વિતરણ, છાશ વિતરણ, શિયાળામાં ધાબળા વિતરણ, તહેવારો નિમિતે મીઠાઈ, કપડા વિતરણ જેવી અનેક સેવાકીય પ્રવૃતિઓ નિઃસ્વાર્થ ભાવે ચાલી રહી છે.

આ તમામ પ્રવૃતિના માધ્યમથી પુ.ડો.રતિદાદાએ લોકોના હદયમાં આગવું સ્થાન પ્રાપ્ત કર્યુ છે. પુ.ડો.રતિદાદાને લાખ લાખ શુભકામના પાઠવતા એક એક પંકિત જરૂર યાદ આવે છે કે 'જનની જાણતો ભકત જાણજે' મો. ૯૪૨૭૪ ૯૧૦૯૭, ૮૮૬૬૩ ૭૪૧૧૨.

## આજે તખુભાઈ સાંડસુરનો જન્મ દિવસ

અમરેલી, તા. ૧૦

સા'તિયકાર, શિક્ષણવિદ તખુભાઈ સાંડસુરનો આજે ૬૪મો જન્મ દિવસ છે તેઓ અનેક રચનાત્મક પ્રવૃતિઓ સાથે જોડાઈને મહત્વનું યોગદાન આપતા રહયા છે. તેમના દ્વારા ૧૦ પુસ્તકો સર્જન થયુ છે અને તેઓએ પાંચ દેશોનો પ્રવાસ કરી વિશ્વની સાંસ્કૃતિક પરંપરાઓનો અભ્યાસ કરવા પયત્ન કર્યો છે તેઓને જન્મ દિવસની શુભકામનઓ.



''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

## શ્રી સાવરકુંડલા તાલુકા સહકારી ખરીદ-વેચાણ સંઘ લી.

'સહકાર ભવન', જુના બસ સ્ટેન્ડ પાસે, સ્ટેશન રોડ મું. તા. સાવરકુંડલા, જિ.અમરેલી
ફોન નં. (૦૨૮૪૫) ૨૪૨૫૯૩, ૨૪૨૯૯૪

### સંસ્થાની બિલ્ડીંગ વેચાણથી આપવાની છે (બીજો

શ્રી સાવરકુંડલા તાલુકા સહકારી ખરીદ – વેચાણ સંઘ લી. ની માલીકીની ડીસ્ટ્રીકટ અમરેલીના મોજે, સાવરકુંડલાના ભરવાડ શેરીના વોર્ડ નં.૨ સીટી સ.નં.૫૫૬૬ થી ૫૫૭૦ ના પ્લોટ પૈ. ૬૧૨.૯૬ ચો.મી. જમીનમાં આવેલ બાંધકામ, સાથેની મોટા ગોડાઉન, ઓફિસો, દુકાનો સાથે બે માળનું બિલ્ડીંગ, પાછળ ખૂલ્લા પ્લોટવાળુ 'સહકાર ભવન' જૂના બસસ્ટેન્ડ, સાવરકુંડલા સ્થિત મિલ્કત વેચાણથી આપવાની છે. તો રસ ધરાવતી પાર્ટીઓએ કામ કાજના દિવસો દરમ્યાન ઉપરોકત સરનામેથી રૂ.૧૦૦૦/– (નોન રીફંડેબલ) **ભરી ટેન્ડર ફોર્મ તા.૧૮/૧૦/૨૦૨૪ સુધીમાં લઈજવા તથા ભરેલ ટેન્ડર ફોર્મ તા.૨૫/૧૦/૨૦૨૪ સુધીમાં સીલબંધ કવરમાં રજી. પોસ્ટ એ.ડી.** થી મોકલી આપવાના રહેશે. આવેલ બધી જ ઓફરો **તા.૨૬/૧૦/૨૦૨૪** ના રોજ સવારના ૧૧:૦૦ કલાકે ખોલવામાં આવશે. જેમાં ઓફર કરનારે બીન ચુક હાજર રહેવ.

**આ મિલ્કત ચાલુ દિવસ દરમ્યાન સવારના ૯ :૦૦થી સાંજના ૫ : ૦૦ સુધીમાં જોવા મળશે**

**નોંધ :– કોઈપણ અથવા આવેલ બધી ઓફરો રદ કરવાની સત્તા સાવરકુંડલા તાલુકા સહકારી ખરીદ-વેચાણ સંઘ લી. ને અબાધિત રહેશે.**

લી.
બોર્ડ ઓફ ડાયરેકટર્સની સૂચનાથી
રાજેશ એમ. માલાણી
મેનેજર
સાવરકુંડલા તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ લી.

# સાવરકુંડલા : મહામંડલેશ્વર જયઅંબાગીરી માતાજીએ વર્ષોથી બનાવવામાં આવતી દર્શનીય મૂર્તિઓના દર્શન કર્યા



સાવરકુંડલા શહેરમાં વર્ષોથી પરંપરાગત નવરાત્રી દરમિયાન ઠેરઠેર આબેહૂબ દર્શનીય, કલાત્મક અને માતાજી અને ભગવાનનો સાક્ષત્કાર કરાવતી મૂર્તિઓ બનાવવામાં આવી રહી છે. દર વર્ષ સાવરકુંડલા શહેરમાં વિવિધ વિસ્તારોમાં અલગ અલગ મંડળો દ્વારા બનાવવામાં આવતી મૂર્તિઓ ઈતિહાસ અને સનાતન ધર્મ સાથે જોડાયેલ હોય છે. જેના આયોજકો દ્વારા સાક્ષાત જગદંબાનું સ્વરૂપ અને શ્રીપંચ દશનામ જુના અખાડાના મહામંડલેર પૂજય જય અંબાનંદગીરી માતાજીના આર્શીવાદ મેળવવા તેમજ સાવરકુંડલા તાલુકાની ધર્મપ્રેમી ભાઈઓ બહેનો માતાજીના દર્શન કરી આર્શીવાદ મેળવી શકે તે માટે સાવરકુંડલા ખાતે પધરામણી કરી હતી. સાવરકુંડલા શહેરમાં વર્ષોથી દર વર્ષે દરમિયાન પ્રાચીન રાસ, ગરબા માટે ગરબીઓનું વિવિધ સમાજ, વિસ્તારો, ચોક મંડળનું દર વર્ષે પરંપરાગત ગરબીઓનું સાજીંદાઓ અને લાઈવ ગાયક કલાકારો દ્વારા માતાજીના ગરબાઓ અને માતાજીની ભકિત માટેના ગરબાઓ ગાય ગરબીની અંદર ભાગ લેનારા ખેલૈયાઓ ભાઈઓ– બહેનો માતાજીના સ્થાપનની ફરતે રાસ ગરબા રમે છે જેમાં માતાજીની સાક્ષાત્કાર શકિતના દર્શન થાય છે. ગરબીમાં સમસ્ત હિન્દુ સમાજ અને સનાતન સંસ્કૃતિને ઉજાગર કરતા લોકો એકત્ર થઈને એક સાથે ગરબી શરૂ થાય ત્યારે અને ગરબી પૂર્ણ થાય ત્યારે માતાજીની લાઈવ આરતી પરંપરાગત સાજીંદાઓ સાથે કરે છે અને આ ગરબીમાં ભાગ લેતા ખેલૈયાઓ જેમકે નાના ગોવાળિયા, મોટા ગોવાળિયા અને દીકરીઓના રાસ, બહેનોના રાસ માણવા નીહાળવા તેમજ શ્રીપંચ દશનામ જુના અખાડાના મહામંડલેર પૂજય જય અંબાનંદગીરી માતાજીના આર્શીવાદ માટે દૂર દૂરથી ધર્મપ્રેમી, કલાપ્રેમી લોકો આ ગરબીને માણવા, નિહાળવા ઉમટી પડયા હતા. સાવરકુંડલા ખાતે શ્રીપંચ દશનામ જુના અખાડાના મહામંડલેર પૂજય જયઅંબાનંદગીરીએ ભગતસિંહ યુવા ગ્રુપ દ્વારા સારંગપુર ખાતે બિરાજમાન કષ્ટભંજન હનુમાનજી મહારાજની મૂર્તિ તેમજ ખોડિયાર માતાજીની આબેહૂબ મૂર્તિ, બાળ ખોડિયાર મંડળ આયોજિત નવ ફૂટની મહાકાળી માતાજીની મૂર્તિ, આઝાદી સમય વર્ષ ૧૯૪૭થી અવિરત ચાલતી દેવળા ગેઈટ ખાતે આવેલ ખોડિયાર ગરબી મંડળ, શ્રીકૃષ્ણ ગૌશાળા આયોજીત દેવ અને દાનવો દ્વારા કરવામાં આવેલ સમુદ્ર મંથનનું હલતું ચાલતું દ્રશ્ય તેમજ દાસારામ યુવક મંડળ આયોજિત સોમનાથ મહાદેવને સોમનાથની સંગાથે ગયેલ હમીરજી ગોહિલ ભગવાન મહાદેવને પોતાનું મસ્તક અર્પણ કરતા હોય તેવી પ્રતિમા વગેરે અલગ અલગ વિસ્તારોમાં શ્રીપંચ દશનામ જુના અખાડાના મહામંડલેર પૂજય જય અંબાનંદગીરીએ દર્શન કર્યા હતા. આ તકે માતાજી સાથે કૃષ્ણગીરી ગોસ્વામી, કાનાભાઈ લીંબડી, જનકગીરી ધારી, બળવંતભાઈ મહેતા, રાજુભાઈ બોરીસાગર, મિલન રૂપારેલીયા, કલ્પેશભાઈ રાઠોડ, જગદીશભાઈ ગોહિલ, ધર્મેશભાઈ ટાંક, અર્જુનગીરી ગોસ્વામી, મેહુલ કોદાવલા વગેરે અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.


## CHANGE OF NAME

I hereby declare, Sejalben Hareshkumar Dhaduk, My old name has been changed form Sejalben Hareshbhai Dhaduk to Sejalben Hareshkumar Dhaduk. So from now on I will be known by this name

## CHANGE OF NAME

I hereby declarer, Hareshkumar Kanjibhai Dhaduk. My old name has been changed form Hareshbhai Kanjibhai Dhaduk to Hareshkumar Kanjibhai Dhaduk. So from now on I will be known by this name


## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ નવો | ૧૨૬૧ | ૧૫૦૮ |
| ૨ | ચણા | ૧૨૫૧ | ૧૨૫૧ |
| ૩ | સોયાબીન | ૬૬૫ | ૬૬૫ |
| ૪ | અડદ | ૧૩૫૦ | ૧૩૫૦ |
| ૫ | જીરૂ | ૪૫૭૫ | ૪૫૭૫ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૭૨૦ | ૧૦૫૫ |
| ૨ | શિંગ મોટી | ૭૦૦ | ૧૧૦૧ |
| ૩ | શિંગાદાણા ફાડા | ૧૧૨૦ | ૧૨૯૦ |
| ૪ | તલ સફેદ | ૧૭૦૦ | ૨૫૧૦ |
| ૫ | તલ કાળા | ૨૨૫૦ | ૩૬૦૦ |
| ૬ | તલ કાશ્મીરી | ૩૨૨૦ | ૩૨૨૦ |
| ૭ | બાજરો | ૩૫૦ | ૪૪૮ |
| ૮ | જુવાર | ૪૮૧ | ૮૯૨ |
| ૯ | ઘઉં ટુકડા | ૫૧૨ | ૬૫૪ |
| ૧૦ | ઘઉં લોકવન | ૫૦૦ | ૬૦૩ |
| ૧૧ | મગ | ૬૫૫ | ૧૬૫૬ |
| ૧૨ | અડદ | ૯૫૦ | ૧૫૫૧ |
| ૧૩ | ચણા | ૧૧૦૦ | ૧૪૯૨ |
| ૧૪ | તુવેર | ૫૦૦ | ૧૬૧૦ |
| ૧૫ | કપાસ | ૭૭૦ | ૧૫૭૦ |
| ૧૬ | એરંડા | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ૧૭ | જીરૂ | ૩૩૨૫ | ૪૬૦૦ |
| ૧૮ | ધાણા | ૧૦૦૦ | ૧૨૧૫ |
| ૧૯ | મેથી | ૮૦૦ | ૧૧૦૪ |
| ૨૦ | સોયાબીન | ૫૮૦ | ૮૭૦ |
| ૨૧ | રજકાનુ બી | ૩૨૭૫ | ૪૯૦૦ |

### મોઢ વણિક કોમ્યુનિટી અને પારેખ વિદ્યાર્થીગૃહ દ્વારા

# અમરેલીમાં મોઢ વણિક વાડી ખાતે વિનામૂલ્યે નેત્રનિદાન અને નેત્રમણી આરોપણ કેમ્પ યોજાયો

### આ કેમ્પનો ૬૨ દર્દીઓએ લાભ લીધેલ



અમરેલી, તા. ૧૦

અમરેલી મોઢ વણીક વાડી ખાતે તા. ૧૦/૧૦/૨૪ના રોજ અમરેલી મોઢ વણિક કોમ્યુનિટી પ્રોપર્ટી તથા પારેખ રણછોડદાસ દેવચંદ વિદ્યાર્થીગૃહ અને સુદર્શન નેત્રાલય અમરેલી દ્વારા વિનામૂલ્યે નેત્રમણી આરોપણ કેમ્પ તથા નેત્ર નિદાન કેમ્પનું આયોજન થયેલ આ કેમ્પનું આયોજન જ્ઞાતિ પ્રમુખ દિલીપભાઈ પરીખના માર્ગદર્શન નીચે થયેલ. આ કેમ્પનું દીપપ્રાગટય ડો. કાલીન્દીબેન પરીખ, ડો. પલકબેન મોદી, રાજુભાઈ પરીખ, કુમારકાકા શુકલ, ભાગીરથીબેન સોલંકી, કીર્તીભાઈ ભટ્ટ ના વરદ હસ્તે થયેલ ડો. કાલિન્દી પરીખે સુંદર પ્રવચન કરી આંખનું મહત્વ સમજાવેલ અને તેની જાળવણી રાખવા અનુરોધ કરેલ. આ કેમ્પમાં ૬૨ દર્દીઓ લાભ લીધે તથા મોતીયાના ૨૭ દર્દીઓનું ઓપરેશન સુદર્શન નેત્રાલય દ્વારા થશે. તમામ દર્દીઓનું આંખનું ચેકઅપ થયેલ અને માર્ગદર્શન અપાયેલ તથા ચશ્માની જરૂરીયાત બાબતે રાહતદરે ચશ્મા આપવામાં આવશે. આ તકે સંજયભાઈ પરીખ, હાજર રહી સેવા આપેલ તથા અન્ય સેવા આપેલ સંસ્થાની યાદીમાં જણાવેલ છે આ કેમ્પ એક વર્ષ સુધી દર મહીનાના બીજા ગુરૂવારે થશે.

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૧૧ | ૧૬૧૧ |
| ૨ | કપાસ સી ગ્રેડ | ૧૧૦૦ | ૧૨૯૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૮૦૦ | ૧૦૫૧ |
| ૨ | શીંગ મોટી | ૮૫૧ | ૧૦૯૧ |
| ૩ | તલ સફેદ | ૨૦૦૦ | ૨૪૧૨ |
| ૪ | તલ કાળા | – | ૩૭૧૦ |
| ૫ | જીરૂ | ૪૧૦૦ | ૪૭૫૬ |
| ૬ | કપાસ | ૧૩૦૦ | ૧૫૮૦ |
| ૭ | ઘઉં લોકવન | ૫૦૧ | ૬૮૫ |
| ૮ | ઘઉં ટુકડા | ૫૭૭ | ૬૨૧ |
| ૯ | બાજરો | ૪૩૦ | ૫૦૨ |
| ૧૦ | જુવાર | ૪૫૦ | ૫૦૮ |
| ૧૧ | અડદ | ૧૧૪૧ | ૧૪૨૦ |
| ૧૨ | ચણા | ૧૧૦૦ | ૧૨૯૧ |
| ૧૩ | તુવેર | ૧૪૩૦ | – |
| ૧૪ | સોયાબીન | ૭૧૬ | ૮૧૭ |

### વિવિધ સંસ્થાઓ દ્વારા સારહિ યુથ કલબનાં નેતૃત્વમાં

# અમરેલીનાં ડો. જીવરાજ મહેતા ચોકમાં આજે રતન ટાટાને શ્રધ્ધાંજલી અર્પણ કરાશે

### સાંજના ૬ કલાકે શ્રધ્ધાજંલિ કાર્યક્રમ યોજાશે



અમરેલી, તા. ૧૦

''પદ્મવિભુષણ'' તથા ''પદ્મભુષણ''ી સન્માનીત ભારત દેશના અગ્રણી ઉદ્યોગપતી અને ભારતનું ''રતન'' એવા શ્રધેય રતનજી ટાટાનું દુ:ખ નિધન થતા સમગ્ર દેશે દુ:ખની ઉંડી લાગણી અનુભવે છે. અને તેમના નિધનથી એક યુગનો અંત આવ્યો છે સમગ્ર દેશને ન પૂરી શકાય એવી ખોટ પડી છે ત્યારે અમરેલી શહેરની વિવિધ સંસ્થાઓ તેમજ શહેરીજનો પણ દુ:ખની લાગણી અનુભવે છે અને તેમને શ્રધ્ધાંજલી આપવા માટે ડો. જીવરાન મહેતા ચોક (રાજકમલ) ખાતે તા. ૧૧/૧૦/૨૪ને શુક્રવારના રોજ સાંજે ૬થી ૭ કલાકે શ્રધ્ધાંજલી પાઠવશે. જેમાં સારહી યુથ ઓય અમરેલી પ્રમુખ મુકેશ સંઘાણી, લાયન્સ કલબ ઓફ અમરેલી મેઈન્સ પ્રમુખ રાજુભાઈ વિઠલાણી, લાયન્સ કલબ ઓફ અમરેલી રોયલ પ્રમુખ વિજયભાઈ વસાણી, લાયન્સ કલબ ઓફ અમરેલી સીટી–પ્રમુખ મનોજભાઈ કાનાણી, રોટરી કલબ ઓફ અમરેલી પ્રમુખ રોટે. આશિષ ગણાત્રા, રોટરી કલબ ઓફ અમરેલી ગીર–પ્રમુખ રોટ. પ્રતિક સંગરાજકા, રોટરી કલબ ઓફ અમરેલી સીટી–પ્રમુખ રોટે. અનિલ આડતીયા, અમરેલી જીલ્લા વેપારી મહામંડળ–પ્રમુખ બિરજુ અટારા, અમરેલી ડીસ્ટ્રીકટ ચેમ્બર ઓફ કોમર્સ પ્રમુખ ભગિરથ ત્રિવેદી, ટાવર ચોક વેપારી એસોસીએશન પ્રમુખ હિતેશ પોપટ, ઈનર વ્હિલ ઓફ અમરેલી (ગીર)–પ્રમુખ મીલીબેન ઠાકર દ્વારા આયોજન કરવામાં આવેલ છે. તેવુ યાદીમાં જણાવે છે.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૨૬૦ | ૧૬૨૮ |
| ૨ | મગફળી | ૭૫૦ | ૧૧૦૦ |
| ૩ | તલ સફેદ | ૧૮૨૦ | ૨૩૨૫ |
| ૪ | અડદ | ૧૧૫૦ | ૧૫૫૦ |
| ૫ | જીરૂ | ૪૧૦૦ | ૪૫૨૫ |
| ૬ | ઘઉં | ૪૮૦ | ૫૮૮ |
| ૭ | સોયાબીન | ૭૭૫ | ૮૦૧ |
| ૯ | કપાસ કોડી | ૧૦૨૫ | ૧૧૫૫ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૦૦ | ૧૬૦૧ |
| ૨ | ઘઉં લોકવન | ૪૮૨ | ૫૫૫ |
| ૩ | ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૫૬ |
| ૪ | ચણા | ૧૦૭૦ | ૧૪૨૨ |
| ૫ | ચણા સફેદ | ૧૧૦૫ | ૧૧૫૦ |
| ૬ | અડદ | ૧૦૦૦ | ૧૪૭૧ |
| ૭ | મકાઈ | ૫૦૦ | ૫૬૧ |
| ૮ | સોયાબીન | ૪૦૦ | ૭૦૦ |
| ૯ | તલ સફેદ | ૨૨૦૦ | ૨૨૪૯ |
| ૧૦ | મગફળી | ૫૦૫ | ૯૪૭ |
| ૧૧ | શીંગદાણા | ૧૦૪૦ | ૧૧૦૦ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૫૦ | ૧૫૦૧ |
| ૨ | મગફળી | ૭૬૦ | ૧૦૩૦ |
| ૩ | ઘઉં | ૫૦૧ | ૫૬૫ |
| ૪ | અડદ | ૧૪૭૫ | ૧૫૦૧ |
| ૫ | સોયાબીન | ૭૮૦ | ૮૧૧ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૮૦૧ | ૮૦૧ |
| ૨ | તલ સફેદ | ૨૨૫૦ | ૨૪૫૦ |
| ૩ | તલ કાળા | ૩૩૦૦ | ૩૩૦૦ |
| ૪ | કપાસ | ૧૧૫૨ | ૧૬૦૧ |
| ૫ | બાજરો | ૪૮૭ | ૫૬૦ |
| ૬ | ઘઉં ટુકડા | ૫૨૫ | ૫૨૬ |
| ૭ | જુવાર | ૬૦૦ | ૭૦૧ |
| ૮ | મકાઈ | ૪૭૦ | ૬૦૦ |
| ૯ | મગ | ૧૪૫૩ | ૧૬૦૧ |
| ૧૦ | અડદ | ૧૫૦૦ | ૧૫૦૦ |
| ૧૧ | જીરૂ | ૪૦૦૦ | ૪૦૦૦ |
| ૧૨ | સોયાબીન | ૭૨૩ | ૭૨૫ |

# સાવરકુંડલામાં જય ખોડિયાર બાળ મંડળનાં ૭૭માં નવરાત્રિ મહોત્સવની એક આછેરી ઝલક



સાવરકુંડલા શહેરમાં દેવળા ગેઈટ સર્વોદયનગર ખાતે આવેલું જય ખોડિયાર બાળ મંડળ દ્વારા નવરાત્રિ દરમિયાન પોતાનો ૭૭ મો નવરાત્રિ મહોત્સવ ભવ્ય રીતે ઉજવાઈ રહ્યો છે. છેલ્લા ૭૭ વર્ષથી અખંડ રીતે ચાલી આવતી આ પરંપરામાં આ વર્ષે પણ હજારો ભકતો જોડાય રહ્યા છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ મંડળે પ્રાચીન રાસ ગરબાનું આયોજન ચાલુ છે જેમાં ખેલૈયાઓએ પરંપરાગત વસ્ત્રો અને આભૂષણોમાં સજજ થઈ ને મન મૂકીને ગરબે રમી રહ્યા છે અને માતાજીની આરાધના કરી રહ્યા છે. સાથે સાથે સાડા નવ ફૂટની મહાકાળી માતાજીની અદભુત મૂર્તિ સ્થાપિત કરવામાં આવી છે, જેના ધર્મપ્રેમીઓ દર્શન કરી અભિભૂત થતા જોવા મળે છે. આમ જોઈએ તો જય ખોડિયાર બાળ મંડળ છેલ્લા ૭૭ વર્ષથી સતત ભારતીય સંસ્કૃતિની કાઠિયાવાડી પરંપરાને જીવંત રાખવાનું કામ કરી રહ્યું છે. આ મહોત્સવ દ્વારા મંડળ નવી પેઢીને આપણી સંસ્કૃતિથી જોડવાનો પ્રયાસ કરે છે. આ વર્ષના નવરાત્રિ મહોત્સવમાં પ.પૂ. ઉષામૈયા (શિવદરબાર આશ્રમ, કાનાતળાવ) અને મહામંડલેર ૧૦૦૮ પરમ પૂજય જયઅંબાનંદગીરીમા (રાજસ્થળી) સહિત અન્ય સંતો–મહંતો પધાર્યા હતા અને ભકતોને આશીર્વાદ આપ્યા હતા. વળી આ રૂડા પ્રસંગે સાવરકુંડલા તાલુકાની દરેક ધર્મપ્રેમી ભકતોને આ મહોત્સવમાં જોડાવા માટે નિમંત્રણ પણ પાઠવવામાં આવ્યું હતું. હજારોની સંખ્યામાં ભાવિકોની મહોત્સવમાં ઉપસ્થિતિ એ જય ખોડિયાર બાળ મંડળ સાવરકુંડલા માટે ગૌરવની વાત ગણાય. આ મંડળ આપણી વિલુપ્ત થઈ રહેલી પરંપરાઓ અને સંસ્કૃતિ જીવંત રાખવાનું સર્વોત્તમ ઉદાહરણ પૂરૂં પાડી રહ્યું છે. નવલાં નવરાત્રિના આ રૂડા અવસરે આ ગરબી મંડળના દર્શનનો લ્હાવો લેવો એ પણ જીવનનો અણમોલ લ્હાવો જ ગણાય.

## ૩૧ ઓક્ટોબરનાં સરદાર પટેલ જયંતીએ મહાનુભાવોની પ્રતિમાની અનાવરણવિધિને લઈને


# ચમારડી ખાતે મોંઘેરા મહેમાનોને આમંત્રણ પાઠવવાનું શરૂ

**દેશનાં ગૃહમંત્રી અમિત શાહ, રાજયનાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને પણ આમંત્રણ પાઠવવામાં આવ્યું**

**રાજયનાં પ્રદેશ ભાજપ પ્રમુખ સી.આર.પાટિલ, ગૃહમંત્રી હર્ષ સંઘવીને પણ પધારવા અનુરોધ થયો**

**વર્તમાન સાંસદ ,પુર્વ સાંસદ, કેબિનેટ મંત્રીઓ, ધારાસભ્યો ભાજપનાં પદાધિકારી, ખોડલધામ સહિતનાં મહાનુભાવોને પણ આમંત્રણ પાઠવાયું**

**ગાગર જેવડા ચમારડી ગામે સાગર જેવડા પ્રેરણાદાયી કાર્યક્રમને સફળ બનાવવા ગોપાલ વસ્તરપરા અને ગામજનોમાં ઉત્સાહ**
















ચમારડી, તા.૧૦

બાબરાનાં ચમારડી ગામે આગામી ૩૧ ઓકટબર-૨૦૨૪ના રોજ સરદાર પટેલ જન્મ જયંતિએ ગામના વતની અને સુરત સ્થિત ઉદ્યોગપતિ ગોપાલ વસ્તપરા દ્વારા ગામનાં પાદરનાં મહાનુભાવોની પ્રતિમાનું અનાવરણ, બસ સ્ટેન્ડ, ગાર્ડન, એલઈડી સહિતનું સુવિધાનું લોકાર્પણ અને મહાદેવની પ્રતિમા પણ લગાવવાનો ઐતિહાસીક કાર્યક્રમ યોજાઈ રહ્યો છે.

આ કાર્યક્રમને લઈને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, રાજયનાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, પ્રદેશ ભાજપ પ્રમુખ, સી.આર.પાટિલ, રાજયનાં ગૃહમંત્રી હર્ષ સંઘવી સહિતનાં મહાનુભાવોને આમંત્રણ પાઠવવામાં આવી રહ્યાં છે.

## આંમત્રિત મહેમાનોની યાદી

ગૃહ મંત્રી- અમિતભાઈ શાહ, મુખ્યમંત્રી - ભૂપેન્દ્ર પટેલ, પ્રદેશ ભાજપ પ્રમુખ - સી.આર.પાટિલ, ગૃહરાજયમંત્રી - હર્ષભાઈ રમેશભાઈ સંઘવી, સાંસદ - વિનોદભાઈ ચાવડા, કેન્દ્રીય મંત્રી - કુંવરજીભાઈ મોહનભાઈ બાવળીયા, પૂર્વ સાંસદ - નારણભાઈ કાછડીયા, પ્રદેશ મહામંત્રી-રત્નાકરજી, કેન્દ્રીય મંત્રી - મનસુખભાઈ લક્ષ્મણભાઈ માંડવિયા, સાંસદ - ગોવિંદભાઈ લાલજીભાઈ ધોળકિયા, મુકેશભાઈ જીણાભાઈ પટેલ, સાંસદ - પુરૂષોત્તમભાઈ ખોડાભાઈ રૂપાલા, ઈફકો ચેરમેન-દિલીપભાઈ નાનુભાઈ સંઘાણી, સાંસદ- રાજેશભાઈ નારણભાઈ ચુડાસમા, ગોરધનભાઈ પ્રાગજીભાઈ ઝડફિયા, સાંસદ - ભરતભાઈ મનુભાઈ સુતરીયા, નાયબ દંડક-કૌશિકભાઈ કાંતિભાઈ વેકરીયા, કુબેરભાઈ મનસુખભાઈ ડીંડોર, કૃષિમંત્રી - રાઘવજીભાઈ પટેલ, પૂર્વમંત્રી - ભૂપેન્દ્રસિંહ મનુભા ચુડાસમા, શિક્ષણમંત્રી - પ્રફુલભાઈ છગનભાઈ પાનસેરિયા, નરેશભાઈ પટેલ, ડો.પદ્મશ્રી સવજીભાઈ ધનજીભાઈ ધોળકિયા, જયેશભાઈ વિઠ્ઠલભાઈ રાદડીયા, હીરાભાઈ ઓધવજીભાઈ સોલંકી, જે.વી. કાકડિયા, ધારાસભ્ય - જનકભાઈ પુનાભાઈ તળાવિયા, ધારાસભ્ય રમેશભાઈ વિરજીભાઈ ટીંલાલા, ધારાસભ્ય કીરીટભાઈ પટેલ, ધારાસભ્ય- મહેશભાઈ કસવાલા, ધારાસભ્ય (ગારીયાધાર મત વિસ્તાર) - સુધીરભાઈ વાઘાણી, ભરતભાઈ ખોડાભાઈ બોઘરા, અલ્પેશભાઈ ઢોલરીયા, પરેશભાઈ ધીરજભાઈ ધાનાણી, પ્રતાપભાઈ ભૂપતભાઈ દુધાત, જેનીબેન વિરજીભાઈ ઠુંમ્મર, લલિતભાઈ જસમતભાઈ વસોયા, ધારાસભ્ય- કિશોરભાઈ શિવાભાઈ કાનાણી, ધારાસભ્ય (ગઢડા) - મનનભાઈ તુમ્બડીયા, યુવરાજસિંહ, મહંત પીર યોગીશ્રી શેરનાથબાપુ, એસ.પી.સ્વામી, પ.પૂ.શ્રી નિર્મળાબા ઉનડબાપુ, ભરતભાઈ કેશુભાઈ પટેલ, દિનશા પટેલ, જયોતિરાદિત્ય જાડેજા, ભૂપેન્દ્રભાઈ પટેલ, રોનકભાઈ પટેલ, એસ.એન.દવે, નંદિતાબેન પટેલ, ઘનશ્યામભાઈ, ડો.ભરતભાઈ કાનાબાર, બી.એમ.દેસા, વસંતભાઈ મોવલીયા, સહિતનાં મહાનુભાવો ઉપસ્થિત રહેશે.

## અમરેલી : એએચપીના જિલ્લા પ્રમુખને શુભેચ્છા પાઠવતા વેપારીઓ

અમરેલી, તા. ૧૦

અમરેલી ઈન્દિરા શોપિંગ સેન્ટર પર આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ અમરેલી જિલ્લાના કાર્યકારી અધ્યક્ષ તરીકે જવાબદારી સંભાળતા અમરેલી ડિસ્ટ્રિકટ ચેમ્બરમ ઓફ કોમર્સના મહામંત્રી જીલુભાઈ વાળાનું સન્માન અમરેલી ડિસ્ટ્રિકટ ચેમ્બર ઓફ કોમર્સ તથા અમરેલી ઈન્દિરા શોપિંગ સેન્ટર વેપારી ઓ તથા અમરેલી રીટેલ અનાજ કરીયાણા એસો. દ્વારા કરવામાં આવ્યું આ દરમિયાન આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ ડોકટર ગજેરા, ડોકટર દેશાણી, મજબૂત સિંહ બસીયા, નિલેશભાઈ અમરેલી ડિસ્ટ્રિકટ ચેમ્બર ઓફ કોમર્સ ટીમ ચતુરભાઈ અકબરી, હરેશભાઈ



સાદરાણી, દિનેશભાઈ ભુવા, જીતુભાઈ સોમૈયા (ગોળવાળા), બાબુભાઈ કાબરીયા, સતીષભાઈ આડતીયા, યોગેશભાઈ કોટેચા, બીપીનભાઈ જોષી, ગીરીશભાઈ ભટ્ટ, રમણીકભાઈ ગઢીયા, મુકુંદભાઈ ગઢીયા, હકુભાઈ ચૌહાણ, યોગેશભાઈ ગણાત્રા, આશિષભાઈ ગણાત્રા અને ભાવેશભાઈ સોમૈયા સહિત અનેક વેપારીઓ ઉપસ્થિત રહેલ.

## સાવરકુંડલા : નવરાત્રીમાં ગરબા રમવાથી શરીર અને મન સ્વસ્થ રહે છે

સાવરકુંડલા, તા. ૧૦

નવરાત્રીમાં ગરબા રમવાનો માત્ર આનંદ જ નહીં પરંતુ આપણા શરીરમાં શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય માટે ઘણા ફાયદાઓ થાય છે આ વાત ડોડ. રાજેશભાઈ મહેતાએ વ્યકત કરી હતી. ડો મહેતાની ઉંમર ૫૫ વર્ષ છે છેલ્લા ૪૨ વર્ષથી તેઓ નિયમિત રીતે નવરાત્રી દરમિયાન ગરબા રમતા હોવાનું જણાવ્યું હતું. સાવરકુંડલા ખાતે સમસ્ત બ્રહ્મ સમાજ પરિવાર પ્રેરિત બ્રહ્મસેના દ્વારા શકિત નવરાત્રી મહોત્સવમાં તેઓ ૧૩ વર્ષથી નિયમિત નવરાત્રી દરમિયાન પાંચ કલાક સતત ગરબા રમતા હોય છે. નવરાત્રી દરમિયાન માતાજીની આરાધના કરવાથી મનની શક્તિ મજબૂત થાય છે અને વર્ષ દરમિયાન મન પ્રસન્ન રહે છે તેમના મતે, વરસમાં નવરાત્રી દરમિયાન ગરબા રમવાથી શરીરમાં રોગ પ્રતિકારકશક્તિ મજબૂત



બને છે અને વર્ષભર નાની મોટી આવનારી બીમારીમાંથી છુટકારો પણ મળે છે અને ગરબા એક પ્રકારની કસરત છે જે શરીરને સ્વાસ્થ્ય રાખે છે. ડો. મહેતાએ ઉમેર્યુ હતું કે, નવ દિવસ સુધી સતત ગરબા રમવાથી શરીરમાં રહેલો કચરો પરસેવાના માધ્યમથી બહાર નીકળી જાય છે અને તણાવ અને ચિંતા ઓછી થાય છે. આથી તેઓ દરેકને નવરાત્રિમાં ગરબા રમવા અને સ્વસ્થ રહેવા માટે પ્રેરણા આપે છે. તેઓ માને છે કે ગરબાએ માત્ર એક નૃત્ય નથી પરંતુ એક સ્વસ્થ જીવન શૈલીનો એક ભાગ છે.

## ચમારડી એટલે સરદારની હજારો મૂર્તિઓ અને દેશભકિતથી રંગાયેલ ગામ

### મેરા રંગ દે બસંતી ચોલા



કેટલાક લોકો એવા હોય છે જેમને ઈતિહાસમાં રસ હોય છે અને તેઓ માને છે કે જે દેશ કે પ્રજા પોતાનાં સાચા હિરો, વીર પુરૂષોને જાણતા નથી અથવા તો તેમનું સન્માન નથી કરતા તેમનું ચોકકસ પતન થાય છે.

આવા જ એક વિરલા છે ગોપાલ વસ્તરપરા ઉર્ફે ગોપાલભાઈ ચમારડીવાળા. જી હાં... ખોડલધામમાં રૂપિયા અગિયાર કરોડનું અધધ દાન આપનાર આ દાનવીર ભામાશાએ સેંકડો લોકોનાં જીવનમાં પરિવર્તન આપ્યું છે. કોઈ આડંબર નહી, ખોટી વાતો કરી મોટા લોકોને ભોળવી કોઈ મોટું પદ હાંસલ કરવાની લુચ્ચાઈ નહી. સાવ ગ્રામીણ પરિવેશમાં ઉછરેલા ગોપાલ વસ્તરપરા સુરતમાં જઈ અઢળક સંપતિ અને કીર્તિ કમાણા..

પોતાના વતન ચમારડીને ઉત્કૃષ્ટ ગામ બનાવ્યા પછી આર્થિક, સામાજિક અને શૈક્ષણિક પછાત એવી કુલ ૧૧૦૦ દીકરીઓનાં ભવ્ય લગ્ન કરાવ્યા.

ગોપાલભાઈ જે દીકરીના લગ્ન કરાવે તે કન્યાને કયારેય વન ટું વન મળ્યા નથી કે નથી કયારેય તેના પરિવાર કે બીજા કોઈ સાથે સંપર્ક રાખતા. તેમની એક ટીમ હોય છે જે જે તે દીકરીની આર્થિક, સામાજિક સ્થિતિની ખરાઈ કરી તેને લગ્ન કરાવી આપે છે. ૧૧૦૦ દીકરીઓના લગ્ન બાદ ગોપાલભાઈના સરદાર પ્રેમે તેમને એક અનોખી પ્રેરણા આપી. સાવ નાની ઉંમરની સરદારનાં દિવાનાં એવા ગોપાલભાઈને વિચાર આવ્યો કે સરદાર પટેલ પર સાવ નાહક પાટીદાર સમાજે કબજો કરી લીધો છે. અને સરદારને તેના વ્યકિતત્વથી નાના બનાવી દીધા છે.

સરદાર જેવા વૈશ્વિક પ્રતિભાને કોઈ એક જ્ઞાતિમાં સીમિત થતા જોઈ ગોપાલભાઈનું ઝનૂન જાગી ગયું. તેમણે સંકલ્પ કર્યો કે કુલ ૧૧૦૦૦ અદલ સ્ટેચ્યું ઓફ યુનિટીની કોપી જેવી મૂર્તિઓ ગામે ગામ મુકવાનું બીડું ઝડપ્યું. કોઈની પણ સહાય વગર પોતે જે પરસેવાની કમાણી કરી છે તેનો ઉપયોગ કરી સમગ્ર સૌરાષ્ટ્ર, ગુજરાત અને દેશમાં સરદારની મૂર્તિઓનું વિતરણ કર્યુ. ના માત્ર વિતરણ કર્યુ પરંતુ મોટા ભાગની મૂર્તિઓ જે તે ગામમાં તેઓ સ્વયં ગયા અને ત્યાં એક અદ્રુત નાનકડો પાર્ક બને તેની પણ તકેદારી રાખી.

આટઆટલી સામાજિક દેશસેવા બાદ પણ



કંઈક ખૂટતું લાગતા ગોપાલભાઈએ એક અનોખો યજ્ઞ આરંભ્યો છે. **આલેખન : યાત્રી વરૂણ કુંભાણી (નેશનલ ઈન્સ્ટિટયુટ ઓફ માસ કોમ્પયુનિકેશન એન્ડ જર્નાલિઝમ-અમદાવાદ**

## સાવરકુંડલા : ગરબા મહોત્સવમાં સંતોની પ્રેરક ઉપસ્થિતિ



સાવરકુંડલા, તા. ૧૦

સાવરકુંડલા ખાતે વીર મેઘમાયા પ્રગતિ મિત્ર મંડળ આયોજિત તૃતીય નવરાત્રી મહોત્સવના ચતુર્થ નોરતાની રાત્રે રામજીવનદાસના સાનિધ્યમા સંતોની પ્રેરક ઉપસ્થિતિ. આ પ્રસંગે માનવ મંદીરના પુજય ભક્તિરામબાપુ, મનીષાદીદી, શાંતામાડી વગેરે ઉપસ્થિત રહીને સમાજના ભાઈઓ બહેનોને આશીર્વાદ પાઠવ્યા હતાં. આ નવલાં નોરતાના ચતુર્થ દિવસે ખેલૈયાએ માતાજીની સ્તુતિ સાથે મનભરીને ગરબાની રમઝટ બોલાવી હતી.


## સાવરકુંડલા : મોચી સમાજ દ્વારા નવરાત્રિ મહોત્સવની ઉજવણી

અમરેલી, તા. ૧૦

સાવરકુંડલા ગામે મોચી સમાજના યોજાયેલ ગરબા મહોત્સવમાં ધારાસભ્ય કસવાલા તેની ટીમ દ્વારા મુલાકાત લીધી માતાજીની ગરમીના દર્શન કર્યા અને મોતી સમાજના અગ્રણીઓ ડી.એલ મુંજાણી, દીપકભાઈ ગોહિલ, રાકેશભાઈ વાઢેર, વિનુભાઈ વાઢેર, નિકુંજ સોંડાગર, દીપકભાઈ ચાવડા, રાજુભાઈ રાઠોડ તેમજ પઢીયાર ભાઈ દ્વારા ધારાસભ્યને તેમની ટીમના હોદેદારો શહેર પ્રમુખ પ્રવીણભાઈ સાવજ નગરપાલિકા પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદી તાલુકા ભાજપ



પ્રમુખ જીવનભાઈ વેકરીયા જિલ્લા ભાજપ ઉપપ્રમુખ સરદ પંડયા શહેર મહામંત્રી રાજુભાઈ નાગ્રેચા તાલુકા ભાજપ મહામંત્રી નીતિનભાઈ નગડીયા ગૌતમભાઈ સહિતના અગ્રણીઓને સ્વાગત કરવામાં આવ્યું.




*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)